એકમ 10

# ભારતનું સેવાક્ષેત્ર - II

ભારતમાં સેવાક્ષેત્રની સ્થિતિ અને સરકારની નીતિ, (પરિચયાત્મક)

## : રૂપરેખા :

10.0 ઉદ્દેશો

10.1 પ્રસ્તાવના

10.2 ભારતમાં સેવાક્ષેત્રની સ્થિતિ

10.2.1 શિક્ષણ

10.2.2 આરોગ્ય અને સ્વાસ્થ્ય સેવા

10.2.3 બૅંકિંગ અને વીમા સેવા

10.2.4 પ્રવાસન અને હોસ્પિટાલીટી

10.2.5 ભારતમાં પરિવહન સેવા

(ક) રોડ - રસ્તાઓ

(ખ) રેલ્વે

(ગ) ભારતનો જળમાર્ગ / શીપીંગ ઉદ્યોગો અને બંદરો

(ઘ) હવાઈવ્યવહાર / ભારતીય ઉડ્ડયનક્ષેત્ર

10.2.6 દૂરસંચાર / ટેલીકોમ / સંદેશાવ્યવહાર

10.2.7 ઊર્જા / વિજળીસેવા

10.2.8 જમીનના સોદાઓ અંગેની સેવાઓ

10.2.9 મીડીયા અને મનોરંજન સેવા

10.2.10 સંશોધન અને વિકાસ

10.2.11 કાનૂની સેવા

10.3 ભારતમાં સેવાક્ષેત્ર અંગે સરકારની નીતિ

10.4 સારાંશ

10.5 ચાવીરૂપ શબ્દો

10.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો

10.7 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 10.0 ઉદ્દેશો

- ભારતના સેવાક્ષેત્રમાં સમાવિષ્ટ વિવિધ સેવાઓના વિકાસ અંગે જાણકારી મેળવી શકાશે.
- ભારતમાં સેવાક્ષેત્રની વર્તમાન સ્થિતિનો પરિચય મેળવી શકાશે.
- ભારત સરકારની સેવાક્ષેત્રના વિકાસને સમર્થન કરતી જુદી જુદી નીતિઓનો અભ્યાસ કરી શકશો.
- સેવાક્ષેત્ર અંતર્ગત વિવિધ વિકાસલક્ષી યોજનાઓ દ્વારા લોકોના સામાજીક કલ્યાણ અને જીવનધોરણમાં શું ફેરફાર આવે છે તેની સમજ મેળવી શકશે.

## 10.1 પ્રસ્તાવના :

અગાઉના પ્રકરણમાં આપણે સેવાક્ષેત્રની પૂર્વભૂમિકાનો અભ્યાસ કર્યો. જેમાં આપણે સેવાક્ષેત્ર શું છે? તેમાં કઈ કઈ સેવાઓનો સમાવેશ થાય છે તેની જાણકારી મેળવી. તદ્દપરાંત સેવાક્ષેત્રનું દેશના આર્થિક વિકાસમાં મહત્ત્વ તેમજ તેને પ્રોત્સાહન આપતા પ્રેરકબળો વિશે વાત કરી. હવે આ પ્રકરણમાં આપણે ભારતમાં અત્યારે સેવાક્ષેત્રની શું સ્થિતિ છે? સમયાંતરે ભારત સરકારે સેવાક્ષેત્ર અંતર્ગત આવરી લેવામાં આવતી વિવિધ સેવાઓ માટે ક્યાં પગલાં લીધા છે? કઈ નીતિઓ બનાવી છે? વગેરે બાબતોનો અભ્યાસ કરીશું.

ભારતીય સેવાક્ષેત્ર વૈશ્વિક નક્શામાં સૌથી મોટા અને ઝડપથી વિકસતા ક્ષેત્ર તરીકે ઉભરી આવ્યું છે. કોઈ પણ રાષ્ટ્રના કુલ વિકાસમાં તેના ક્ષેત્રીય વલણો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આપણા સમાજમાં પરંપરાગત એમ કહેવાયું કે - ×ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી×.

વર્તમાન સમયમાં વિશ્વના મોટાભાગના અર્થતંત્રોમાં કુલ રાષ્ટ્રિય આવકનો તાગ મેળવવામાં આવે તો તેમાં કૃષિક્ષેત્રનો હિસ્સો ઉત્તરોત્તર ઘટતો રહ્યો છે અને સેવાક્ષેત્ર અગ્રિમ સ્થાન ભોગવે છે. છેલ્લાં કેટલાક વર્ષોના આપણા નાણાંકીય અહેવાલોને ધ્યાનમાં લઈએ તો પણ જોવા મળશે કે એકંદરે સેવાક્ષેત્રનું પલ્લું સતત ભારે જોવા મળે છે.

ભારતીય સેવાક્ષેત્ર એ વિવિધ સેવાઓનું વિશાળ નેટવર્ક ધરાવે છે. જેમાં IT અને IT સંલગ્ન સેવા, કાનૂની સેવાઓ, કન્સલ્ટન્સી સેવા, રીયલ એસ્ટેટ, વ્યક્તિગત સેવાઓ, (હેરકટીંગ, હાઉસકીપિંગ, દરજીકામ વગેરે), મીડિયા અને મનોરંજન, પરિવહન, દૂરસંચાર, વીમા અને બેંકિંગ શિક્ષણની, આરોગ્યની, સ્વચ્છતા, વિજળી, પ્રવાસન, હોટેલ અને રેસ્ટોરન્ટ, R & D, તેમજ બાંધકામની સેવા વગેરેનો સમાવેશ થાય છે અને દિન પ્રતિદિન આ બધી જ સેવાઓનું મહત્ત્વ વધતું ચાલ્યું છે. આથી જ કહેવાય છે કે કોઈ પણ અર્થતંત્ર માટે કૃષિક્ષેત્ર અને ઉદ્યોગક્ષેત્ર જો શરીર હોય તો, સેવાક્ષેત્રએ તેનું રૂધિર વહન કરતી નસો છે.

### 10.6.2 ભારતમાં સેવાક્ષેત્રની સ્થિતિ :

ભારત જેવાં વિશાળ વસ્તી ધરાવતા દેશમાં છેવાડાના વ્યક્તિ સુધી પાયાની અને આધારભૂત સુવિધાઓને પહોંચતી કરવી એ અઘરું કામ છે. ભારત અન્ય દેશો કરતા સારી ભૌગોલિક વૈવિધ્યતા ધરાવે છે જેને કારણે કુદરતી સાનુકૂળતાઓ આપણા સમર્થનમાં છે. દેશમાં પ્રવર્તમાન આર્થિક સમસ્યાઓના નિરાકરણ માટે સેવાક્ષેત્ર અંતર્ગત પાયાની સુવિધાઓનો વિકાસ જરૂરી છે. કેમકે તે, રોજગાર સર્જનમાં મહત્ત્વનો ફાળો આપે છે. વળી, શહેરીકરણની સમસ્યાને કંઈક અંશે હલ કરવા માટે પણ સેવાક્ષેત્રનો વિકાસ મદદરૂપ બને છે.

હવે આપણે ભારતના સેવાક્ષેત્ર હેઠળ આવતી વિવિધ સેવાઓની શું સ્થિતિ છે તથા તેમાં સમયાંતરે કેવા ફેરફારો આવ્યા તેનો અભ્યાસ કરીશું.

### 10.2.1 શિક્ષણ (Education) :

ટકી શકે તેવા (Sustainable Society) સમાજની રચના માટે શિક્ષણ એ મહત્ત્વનું પાસું છે. સમાજની ગુણવત્તા એણે કયા પ્રકારનું શિક્ષણ લીધું છે તેના પર છે. જે માટે શિક્ષણ પણ ગુણવત્તાવાળુ હોવું જરૂરી છે. આથી શિક્ષણની ગુણવત્તા એ શિક્ષણક્ષેત્રે સૌથી વધુ ધ્યાન આકર્ષતો અને ચર્ચાતો શબ્દ રહ્યો છે. આ સંદર્ભે 2018-19ના બજેટમાં પણ શિક્ષણ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શિક્ષણની ગુણવત્તા માટે જવાબદાર પરિબળો પર અગ્રિમતા આપવામાં આવી છે. આ અંતર્ગત શિક્ષણક્ષેત્રને સામાન્ય બ્લેક બોર્ડથી ડિજિટલ બોર્ડ સુધીની સફરે લઈ જવા માટે નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવશે અને તે માટે ટેકનોલોજીનો પણ સહારો લેવામાં આવશે.

શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષકોને તાલીમ એ મહત્ત્વનું ઘટક છે. જો કે જ્યારે શિક્ષકોની અછત પહેલેથી જ તેની ગુણવત્તા પર વિપરીત અસર કરી રહી છે. ત્યારે શિક્ષકોની તાલીમ ભરતી થાય એ પણ જરુરી છે. સાથે નવા શિક્ષકોની માટે થાય.

અહી સરકારે મદનમોહન માલવીયા નેશનલ મિશન અંતર્ગત શિક્ષકોને તાલીમ માટે 900 કરોડ રૂ.ના ફંડની જોગવાઈ કરેલ છે પરંતુ પ્રાથમિક વિભાગમાં 11.5% અને માધ્યમિક વિભાગમાં 7.5% શાળાઓ માત્ર એક જ શિક્ષકથી ચાલે છે. તે પણ એક હકીકત છે. વળી, સરકારી પ્રાથમિક શાળાઓમાં પણ શિક્ષકોની સરેરાશ સંખ્યા 4ની આસપાસ છે. ત્યારે મહત્ત્વનો પ્રશ્ન એ થાય કે જો પૂરતી સંખ્યામાં શિક્ષકોની સંખ્યા વર્ગખંડમાં જ ના હોય તો શિક્ષણની ગુણવત્તા સુધરી શકે ખરી ?, આપણે ગુણવત્તા ખરેખર કોને કહીએ છીએ તેને કેવી રીતે વ્યાખ્યાકૃત કરીએ છીએ? તે અંગે પણ ફરીથી વિચારવાની જરૂર લાગે છે. શિક્ષક રહિત વર્ગખંડોમાં ડિજિટલ બોર્ડની કલ્પના કરવી એ કેટલી વાજબી છે?

કેન્દ્રીય માનવ સંસાધન મંત્રાલય (MHRD) ઉચ્ચ અને માધ્યમિક શિક્ષણ માટે પરીક્ષાઓનું આયોજન કરવા માટે NTA - National Testing Agencyની સ્થાપના કરી છે. NTA એકમાત્ર એવી સંસ્થા હશે કે જે NET, JEE, NEET અને અન્ય પ્રતિષ્ઠિત પરીક્ષાઓનું આયોજન કરશે. NTAની સ્થાપના થવાથી CBSE, AICTE અને અન્ય એજન્સીઓને વિવિધ પરીક્ષાઓના આયોજનમાંથી મુક્તિ મળી જશે અને તે શિક્ષણની ગુણવત્તા તરફ ધ્યાન કેન્દ્રીત કરી શકશે.

NTAનો મુખ્ય આશય શિક્ષણ પ્રથામાં સુધારાઓ લાવવાનો છે. શરૂઆતના તબક્કે IIT, NIT અને UGC-NET જેવી પરિક્ષાઓનું આયોજન NTA દ્વારા કરવામાં આવશે.

ગ્રામિણ ડિજિટલ સાક્ષરતા માટે 'પ્રધાનમંત્રી' ગ્રામિણ ડિજિટલ સાક્ષરતા અભિયાનને લીલી ઝંડી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે બજેટમાં (2017-18) માં આ અંગે ઘોષણા કરી હતી. આ અભિયાન હેઠળ માર્ચ - 2019 સુધીમાં 6 કરોડ ગ્રામિણ ઘરોને ડિજિટલી સાક્ષર બનાવવાનો લક્ષ્યાંક રખાયો છે. આટલો મોટો ડિજિટલ સાક્ષરતા અભિયાન પાછળનો હેતુ ગ્રામિણ લોકોને કોમ્પ્યૂટર ચલાવતા કરી તેમને, સરકારી સેવાઓનો લાભ મેળવવામાં, માહિતી શોધવામાં તેમજ કેશલેસ નાણાંકીય વ્યવહારોમાં મદદરૂપ થવાનો છે. આ અભિયાનનું અમલીકરણ દેશના બધાં જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પણ કરવામાં આવશે. આ અભિયાનમાં ગ્રામ પંચાયતોનો પણ સહયોગ લેવામાં આવશે.

કેન્દ્ર સરકારે 'તેજસ્વીની સોશિયો ઈકોનોમિક એમ્પાવરમેન્ટ ઓફ એડોલ્સન્ટ ગર્લ્સ એન્ડ યંગ વીમેન' પ્રોજેક્ટની શરૂઆત કરી છે. જે હેઠળ કિશોરીઓ અને યુવાન મહિલાઓના (14 થી 24 વર્ષની) કલ્યાણને કેન્દ્રસ્થાને રાખતો ભારતમાં વર્લ્ડબેંકનો આ સૌપ્રથમ પ્રોજેક્ટ છે. આ માટે ફાળવવામાં આવેલી રકમએ ટાર્ગેટ ગ્રુપને માધ્યમિક સ્તરનું શિક્ષણ આપવા તેમજ જરૂરી કૌશલ્યોના વિકાસ દ્વારા તેમને નોકરી મળી રહે તેવા હેતુસર વાપરવામાં આવશે.

ઉપરાંત 17 નવે.2016ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા 'સ્ટૂડન્ટ સ્ટાર્ટ અપ' નીતિની જાહેરાત કરવામાં આવી. જેનો મુખ્ય આશય વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ અને તેમનામાં રહેલા કૌશલ્યોને ઉજાગર કરીને તેને વિશ્વ સમક્ષ ઓળખ અપાવવાનો છે.

વળી, વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન કોર્સની પણ શરૂઆત કરવામાં આવી છે. જેને MOOC - Masive Open Online Course એવું નામ અપાયું છે. આ ઓનલાઈન શિક્ષણમાં 2000 કરતા પણ વધારે કોર્સમાં વિદ્યાર્થીઓ પોતાની પસંદગીના કોર્સમાં રજિસ્ટ્રેશન કરી શકશે. આ અભિયાનને - સ્વયં- SWAYAM નામ અપાયું છે. આ કોર્સ માટે કોઈ ફી ચૂકવવાની રહેશે નહી.

### 10.2.2. આરોગ્ય અને સ્વચ્છતા : (Health & Sanitation)

તાજેતરના વર્ષોમાં આરોગ્ય અંગેની માળખાકીય સુવિધાઓમાં સારો એવો સુધારો આવ્યો છે. નબળા સ્વાસ્થ્યને કારણે મનુષ્યની ઉત્પાદક્તામાં ઘટાડો થાય છે. જો દેશનું માનવધન કુપોષિત હશે અથવા જો તેમનું સ્વાસ્થ્ય સારું નહીં હોય તો તેઓ દેશના આર્થિક વિકાસમાં સહભાગી બની શકશે નહીં. ઉલટાનું દેશ માટે બોજારૂપ સાબિત થશે. શિક્ષણ અને સ્વાસ્થ્ય આ બંને દેશની પરિસ્થિતિ માટે સૌથી પહેલા ગણતરીમાં લેવાતા પાસાં છે. એટલે જ આરોગ્યલક્ષી સેવાઓનો અભ્યાસ કરવો જરૂરી બને છે.

આ સંદર્ભમાં વર્તમાન ભારતમાં આરોગ્ય ક્ષેત્રે શું સ્થિતિ છે? અને તેને સુધારવા માટે શું આયોજન થઈ રહ્યું છે તેના વિશે માહિતી મેળવી જરૂરી છે ? જેનીચે પ્રમાણે સમજાવી શકાય.

'આયુષ્યમાન ભારત' કાર્યક્રમ હેઠળ આરોગ્યની સુવિધાઓ ઘરની નજીક પૂરી પાડવા માટે 1.5 લાખ કેન્દ્રો સ્થાપવા માટેની યોજનામાં સરકારે 1200 કરોડની ફાળવણી 2018ના બજેટમાં કરી છે. તે નોંધપાત્ર છે. ઉપરાંત ટી.બી.ના દર્દીઓના પોષણમાં સહયોગ માટે પણ મોટી રકમની જોગવાઈ કરી છે તે આવકારદાયક પાસું છે. ગરીબી અને અત્યંત દયનીય પરિસ્થિતિમાં જીવતા પરિવારો માટે આરોગ્ય સુવિધા શરૂ થતા લાભાર્થીઓને ફાયદો થશે. પરિવાર દીઠ દર વર્ષે તેમને 5 લાખ સુધીની વીમા સેવા પૂરી પાડવામાં આવશે. આ પગલાંએ વીમા સેવામાં રોજગાર નિર્માણ માટે પણ સહાયરૂપ બનશે.

આરોગ્યની સુવિધાઓ માટે વિવિધ પ્રદેશોના લોકોને સારવાર માટે મેટ્રોસીટીમાં જવાની જરૂર રહેશે નહી. તેમને નજીકના જ વિસ્તારમાં ગુણવત્તાસભર તબીબી સારવાર ઉપલબ્ધ બનશે.

'મિશન ઈન્દ્રધનુષ' અંતર્ગત ભારત સરકારે વર્ષ 2020 સુધીમાં તમામ બાળકોનું રસીકરણ કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. જેમાં ટી.બી., ડિપ્થેરિયા, હિપેટાઈટીસ-બી, કાલી ખાસી, પોલિયો વગેરે જેવી બિમારીઓ સામે અંકુશ મેળવવા રસીઓ મૂકવામાં આવશે.

આ ઉપરાંત 'જનની શિશુ સરક્ષા કાર્યક્રમ' પણ અમલમાં છે. આ યોજના કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયત્નોથી ચાલશે. આ યોજના હેઠળ તમામ સગર્ભા માતાઓને પ્રસુતિ પછી 42 દિવસ અને નવજાત બાળકને 30 દિવસ સરકારી હોસ્પિટલોમાં નિઃશુલ્ક આરોગ્ય સારવાર પૂરી પાડવામાં આવે છે. જેમાં સગર્ભાઓને મફત સંસ્થાકીય પ્રસુતિ સેવા, સિઝેરીયન ઓપરેશન, મફત દવાઓ, સર્જીકલ તેમજ અન્ય સામગ્રી, મફત લેબોરેટરીની સુવિધા તથા હોસ્પિટલમાં રહે તે દરમિયાન નિઃશુલ્ક ભોજનની સુવિધા આપવામાં આવે છે. વળી, કપરા સંજોગોમાં સગર્ભાઓને નિઃશુલ્ક લોહી, મફતમાં એમ્બ્યૂલન્સ સેવા અને હોસ્પિટલની કોઈપણ ફીમાંથી મુક્તિ આપવામાં આવે છે.

'સંકલિત બાળવિકાસ યોજના' - ICDS(Integrated Child Development Scheme) એ ભારત સરકારની યોજના છે. જેમાં સમાજના આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ એવા 0-6 થી વર્ષના બાળકો અને સગર્ભાઓને આવરી લેવામાં આવ્યાં છે. આ યોજનાનો ઉદ્દેશ લાભાર્થીઓને આરોગ્ય અને પોષણ અંગે માહિતગાર કરી. તેમનો સર્વાંગી વિકાસ કરવાનો તેમજ બાળકોમાં પોષણનો દરજ્જો સુધારવાનો, માંદગીનું પ્રમાણ ઘટાડવાનો, કુપોષણ દુર કરવાનો તેમજ શાળામાંથી અધવચ્ચે ઉઠી જતા બાળકોનું પ્રમાણ ઘટાડવાનો છે.

મધ્યાહન ભોજન યોજના પણ આરોગ્યના સંદર્ભમાં ભારત સરકારનો સૌથી મોટો સફળ કાર્યક્રમ છે. આ યોજના હેઠળ સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને બપોરના ભોજનમાં તાજો રાંધેલો પોષણયુક્ત તત્ત્વોથી ભરપૂર આહાર આપવામાં આવે છે. અહીં સર્વ શિક્ષા અભિયાનના વિસ્તરણ માટે મધ્યાહન ભોજન યોજનાને સર્વવ્યાપી બનાવવામાં આવી છે. આ યોજનામાં પ્રાથમિક સ્તરે ધો.1 થી 8 ના બાળકોને પ્રોટીનયુક્ત આહાર રોજ પૂરો પાડવામાં આવે છે. આ યોજના સૌ પ્રથમ તમિલનાડુ લાગુ કરી હતી.

ઉપરાંત કેન્દ્ર સરકારે કિશોર વયના બાળકો માટે ફેબ્રુઆરી 2017 માં 'સાથિયા સલાહ' (SAATHIYA SA¬AH) અને સાથિયા રીસોર્સ કીટ મોબાઈલ એપની શરૂઆત કરી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રિય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ આ સેવા શરૂ કરી છે. જેમાં કિશોર વયના છોકરા-છોકરીઓ પોતાનો મૂંઝવતા પ્રશ્નો અંગે જાણકારી મેળવી શકશે. જેમાં જાતીયતા અને પ્રજનન ચેપી-બિનચેપી રોગો અને માનસિક સ્વાસ્થ્ય અંગે જાણકારી મેળવી શકશે. કેમકે આજનો આધુનિક યુગ ઈન્ટરનેટ અને ટેકનોલોજીનો છે. બાળકો મોબાઈલ, ટીવી અને અન્ય માધ્યમના ઉપયોગથી ઘણી બધી બિનજરૂરી માહિતીઓ મેળવતા થયા છે અને આ પ્રકારની માહિતી પર કોઈ રોક-ટોક નથી. એટલે 'સાથિયા' મોબાઈલ એપ અમુક ઉંમરે બાળકોને મૂંઝવતા પ્રશ્નો અંગે સચોટ માર્ગદર્શન આપશે.

આપણા દેશમાં વાયુ પ્રદૂષણ પણ ખરાબ સ્વાસ્થ્ય માટેનું મહત્ત્વનું કારણ છે. આ સંદર્ભે જોઈએ દિલ્હી અને તેના પાડોશી રાજ્યોને સ્થળ ઉપર જ કૃષિમાંથીનીકળતા કચરાનો નિકાલ કરવા માટે બાળવા સિવાયની અન્ય કોઈ પધ્ધતિ અપનાવવા પ્રોત્સાહન આપવામાં આવશે. વળી, ગરીબ મહિલાઓને 'ઉજ્જવલા યોજના' અંતર્ગત રાંધણ ગેસના જોડાણો આપી તેમને અને કુટુંબના બાળકોને રસોડામાંથી થતા વાયુ પ્રદૂષણમાંથી મુક્તિ આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જેનાથી શ્વાસોચ્છવાસના રોગ, અસ્થમા, શ્વાસનળીના રોગો, એલર્જી વગેરેમાંથી રાહત મળશે.

દેશમાં આરોગ્ય અને સ્વચ્છતા સંબંધી જો કોઈ મહત્ત્વની યોજના હોય તો તે છે - 'મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન'. આ સ્વચ્છતા અભિયાન હેઠળ સરકાર દ્વારા દેશની જનતાને સ્વચ્છતાના આગ્રહી થવા માટે હાંકલ કરવામાં આવી છે. 2/10/2014ના રોજ આ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષ 2019માં ગાંધીજીની 150મી જન્મ જયંતિ નિમિત્તે તેમને સ્વચ્છ ભારતની ભેટ આપવા માટે શરૂ કરેલું આ અભિયાન છે. જેમાં ઘનકચરા અને પ્રવાહી કચરાના યોગ્ય વ્યવસ્થાપન અને નિકાલ માટે લોકોને જાગૃતિ આપવામાં આવી છે. જે અંતમાં ઘેરઘેરથી કચરાના એકત્રીકરણ, કચરાને અલગ કરવો, કચરાને રહેણાંક વિસ્તારથી દૂર ડમ્પસાઈટમાં યોગ્ય રીતે નિકાલ કરવો વગેરે કાર્ય થઈ રહ્યો છે. વળી, કચરામાંથી યોગ્ય પધ્ધતિ દ્વારા કમ્પોસ્ટ બનાવવાના પણ નવતર અભિગમ છે.

ઝડપી વિકાસને લીધે પાણી માટેની માંગમાં ઝડપી વધારો થાય છે. વિવિધ હેતુઓસર પાણીની વધતી જતી માંગને પહોંચી વળવા માટે વૈકલ્પિક જળ સંસાધન હોવું એ આવશ્યક છે. પાણીના ઉપયોગના વધારા સાથે ગંદા પાણીનું પ્રમાણ પણ વધ્યું છે. તેથી ગંદા પાણીના નિકાલનો ગંભીર પ્રશ્ન ઉભો થયો છે. વળી, દેશના ઘણાં રાજ્યો પાસે તો ભૂગર્ભજળના સ્ત્રોત પણ ખૂબ ઓછા છે. તેથી નકામાં પાણીનો યોગ્ય રીતે વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા પુનઃઉપયોગ કરવામાં આવે કે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ગંદા પાણીને શુધ્ધ કરવામાં આવે તો તેનો અન્ય હેતુ માટે ઉપયોગ થઈ શકે.

દેશભરમાં ગંદા પાણીનો નિકાલ મહદંશે નદીનાળામાં કરવામાં આવે છે તેથી પીવાના પાણીના સ્ત્રોતમાં અશુધ્ધિઓ વધી છે. તેથી ગંદા પાણીના નિકાલ માટે કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવે તે સમાજની માંગ છે. હવે આપણા દેશમાં નાના પાયા પર ગંદા પાણીના નિકાલને વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા રીસાઈકલ કરવામાં આવે છે જે દેખાવમાં સ્વચ્છ અને ગંધ વિનાનું પાણી છે અને તેનો પુનઃઉપયોગ સિંચાઈ માટે, જાહેર બગીચાઓ માટે, ધોરીમાર્ગને સમતલ કરવાના કામમાં, બાંધકામ સ્થળોએ કોંક્રિટના મિશ્રણમાં, વાહન ધોવા માટે, અગ્નિશામન માટે, શૌચાલયોમાં ફ્લશ માટે વાપરી શકાય છે.

વળી, સ્વચ્છતા સંદર્ભો પે એન્ડ યુઝ ટોયલેટ યોજના પણ કાર્યરત છે. શહેરી વિસ્તારો અને ગ્રામિણ વિસ્તારોમાં ખુલ્લામાં થતી શૌચક્રિયા નાબૂદ કરવા અને જ્યાં વ્યક્તિગત શૌચાલયનું બાંધકામ થઈ શકે તેમ નથી ત્યાં પે એન્ડ યુઝ ટોયલેટ યોજના અમલમાં મુકેલ છે.

ઉપરાંત દેશમાં શૌચાલય બાંધકામની દિશામાં પણ નોંધપાત્ર પ્રયાસો થયા છે. જે કુટુંબને પોતાના આ ઘરે શૌચાલય બનાવવું હોય તો સરકાર તેને 12,000 રૂ.સુધીની નાણાંકીય સહાય કરે છે. આ અભિયાન માટે વિદ્યાબાલન અને અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવવામાં આવ્યાં છે. જે 'દરવાજા બંધ તો, બિમારી બંધ' આવી ટેગ લાઈન હેઠળ લોકોને જાહેરમાં શૌચ કરવાથી થતી બિમારીઓ અંગે જાગૃત કરે છે. શહેરોની સ્વચ્છતા સંદર્ભિત સ્થિતિ.

શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સાફસફાઈના માપદંડો પર 100 શહેરોમાં સ્વચ્છતા સર્વેક્ષણ કરવામાં આવ્યું જોઈએ હતું. જેમાં 2018ની સ્થિતિએ સ્વચ્છતાની યાદીમાં ટોપ પર રહેલા શહેરોના ક્રમાંક આ મુજબ છે.

**સ્વચ્છતા સર્વેક્ષણ - 2018**

| | | | |
|---|---|---|---|
| 1. ઈન્દોર | 6. તિરૂપતી | 11. અંબિકાપુર | 16. કોઈમ્બતુર |
| 2. ભોપાલ | 7. વિશાખાપટ્ટનમ | 12. અમદાવાદ | 17. ઉજ્જૈન |
| 3. ચંદીગઢ | 8. મૈસુર | 13. તિરૂચિરાપલ્લી | 18. ગ્રેટર મુંબઈ |
| 4. નવી દિલ્હી | 9. નવી મુંબઈ | 14. સુરત | 19. ચાસ |
| 5.વિજયવાડા | 10. પૂના | 15. ખરગોન | 20. મંગા |

અત્યારે ભારતનો હેલ્થકેર ક્ષેત્ર ઝડપથી વિકાસ પામી રહ્યો છે. દેશમાં ખાનગી હોસ્પિટલોની સંખ્યા વધી રહી છે. તેની સાથે આરોગ્ય સેવાની ગુણવત્તાનો પ્રશ્ન પણ ઉભો થાય છે. બીજી બાજુ, ભારતમાં સસ્તી આરોગ્ય સેવાનો લાભ લેવા દેશ-વિદેશથી હજારો પ્રવાસીઓ આવે છે. એટલે દેશમાં મેડીકલ ટુરીઝમના વિકાસને સારો વેગ મળ્યો છે. એમાં પણ ગુજરાત રાજ્ય તો મેડીકલ હબ બન્યું છે. સરકારે પણ આયુર્વેદિક, યુનાની, આયુષ, નેચરોપેથી જેવાં નવાં ઉભરતા ક્ષેત્રોના પ્રોત્સાહન માટે આવશ્યક પગલા લીધા છે. અહીં કહેવું જોઈએ કે લાંબા અને હઠીલા રોગોના ઉપચાર માટે આયુર્વેદિક દવાઓ ઘણી પ્રચલિત છે. આ માટે પતંજલિના સ્ટોર્સ પણ ઠેર ઠેર ખુલેલા છે.

વિશેષમાં ઉપરાંત સરકારે દેશભરમાં જેનરિક દવાઓના સ્ટોર્સ ખોલ્યા છે જ્યાં ગરીબ દર્દીઓને સસ્તા ભાવે દવાઓ મળી રહેશે. વળી, હ્રદય સંબંધી બિમારીઓ માટે ઉપયોગમાં લેવાતા સ્ટેન્ટની કિંમતોમાં પણ સરકારે હસ્તક્ષેપ કરીને ઘટાડો કર્યો છે. આમ, સરકારે સ્વાસ્થ્યલક્ષી સેવાઓને સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવાનો નિર્ધાર કર્યો છે.

ઘણી વાર રોડ એક્સિડન્ટમાં ગંભીર રીતે ઘવાયેલા દર્દીઓને ડૉક્ટર પાસે લાવવામાં આવે છે ત્યારે ડૉક્ટરો કાનૂની પ્રક્રિયાની આડે દર્દીની સેવા કરતા નથી અને તે મૃત્યુ પામે છે. આ સમસ્યાના નિરાકરણ માટે સરકારે કોઈપણ પ્રકારના રોડ અકસ્માતમાં ઘવાયેલા દર્દીને ફરજિયાત પ્રાથમિક સારવાર કરવાનો આદેશ કર્યો છે. આના માટે કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી કે પોલીસ કેસ અંગેની નોંધ દર્દીની પ્રાથમિક સારવાર પછી કરવાની રહેશે.

ભારતમાં પણ છેલ્લા પાંચ વર્ષોમાં ગંભીર અને જીવલેણ બિમારીઓના વાયરસ જોવા મળ્યા છે. જેમાં સ્વાઈનફ્લૂ, કોંગો વાયરસ, ઝીકા વાયરસ અને હમણાં જ તાજેતરમાં મે-2018માં નવા વાયરસનું નામ સાંભળવા મળ્યું તે નિપાહ વાયરસ કે જે રોગ ચામાચીડિયાથી ફેલાય છે. દેશમાં નિપાહ વાયરસના દર્દી કેરાલામાં વધુ છે આ વાયરસ જીવલેણ છે અને હજુ સુધી તેની કોઈ રસી શોધાઈ નથી. એજ રીતે ગુજરાતમાં પણ સ્વાઈનફ્લૂને કારણે મોતને ભેટેલા દર્દીઓની સંખ્યાનો આંકડો મોટો છે.

આમ, દેશનું માનવ સંસાધન એ આર્થિક વિકાસનું ચાલકબળ હોવાથી તેના સ્વાસ્થ્ય પ્રત્યે ઉદાસીનતા સેવાય એ ચલાવી લેવાય નહી. આથી જ દેશમાં આરોગ્યની મજબૂત અને ગુણવત્તાયુક્ત સેવાઓનો વ્યાપ વધે તે મહત્ત્વનું છે.

### 10.2.3 બેંકિંગ સેવા અને વીમા સેવા : (Banking and Insurance Service)

**બેંકિંગ સેવા :** દેશના વિકાસનો પાયો તેની મજબૂત નાણાંકીય વ્યવસ્થામાં રહેલો હોય છે. દેશની બેંકિંગ અને વીમા સેવા તેના ક્ષેત્રીય વિકાસને પીઠબળ પૂરૂં પાડે છે. ભારતીય અર્થતંત્ર જેમજેમ ઝડપી વિકાસ માટે સુસજ્જ બનતું જાય છે. તેમ તેનું આર્થિક ક્ષેત્ર લાંબાગાળાના રોકાણો માટે આકર્ષક લાગે છે. ભારતીય બેંકો અને વીમા કંપનીઓ વૈશ્વિક સ્પર્ધાત્મક્તા હોવા છતાં મહત્ત્વાકાંક્ષી લાગે છે. 2008નું વર્ષ યાદ છે ને? જ્યારે અમેરિકાનું અર્થતંત્ર અને તેની સૌથી મોટી બેંકો નાણાંકીય કટોકટીથી હચમચી ગઈ હતી. પણ આ ગ્લોબલ ફાયનાન્શિયલ ક્રાઈસીસ (Global Financial Crisis)ની અસર સામે ભારતીય બેંકિંગ ક્ષેત્ર સ્થિર રહ્યું હતું. વિશેષમાં વર્ષ 2005 થી 2010 દરમિયાન દેશમાં ક્રેડિટની માંગમાં ઉછાળો આવ્યો હતો કેમ કે આ સમય દરમિયાન મોટી

જાયન્ટ કંપનીઓ પોતાના વિસ્તરણની યોજનાઓનું આયોજન કરી રહી હતી.

નવેમ્બર 2017માં વૈશ્વિક રેટિંગ એજન્સી 'મૂડીઝ' - MOODIES એ ચાર ભારતીય બેંકોને Baa2થી અપગ્રેડ કરી હતી. ભારતીય બેંકિંગ સેક્ટરમાં 27 જાહેરક્ષેત્રની બેંકો, 26 ખાનગીક્ષેત્રની બેંકો, 45 વિદેશી બેંકો, 56 જેટલી ક્ષેત્રિય ગ્રામિણ બેંકો, 1574 શહેરી સહકારી બેંકો અને 93,913 જેટલી ગ્રામિણ સહકારી બેંકોનો સમાવેશ થાય છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 8 નવેમ્બર, 2016ના રોજ દેશમાં કાળા નાણાંને નિયંત્રિત કરવાના ઉદ્દેશથી રૂ.500 અને રૂ.1000ની ચલણી નોટોને ચલણમાંથી પાછી ખેંચવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો. અહીં જૂની નોટોને બદલી આપવાનો સમયગાળો 10 નવેમ્બર, 2016 થી 30 નવેમ્બર 2016 સુધીનો રાખવામાં આવ્યો હતો. નોટબંધી બાદ સંસદમાં પસાર થયેલા વિધેયક મુજબ જે લોકો પાસે રૂ.500 અને રૂ.1000ની 10 કરતા વધારે જૂની નોટો પકડાશે તો તેમને રૂ.10,000 સુધીનો દંડ ફટકારવામાંઆવશે. જો કે શૈક્ષણિક હેતુ કે સંસાધન માટે 25 જેટલી જૂની 500 અને 1000ની નોટોને રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. અહીં નોંધવું જોઈએ કે

નોટબંધી બાદ રૂ.500, 2000, 50, 200, 10 અને રૂ.1ની નવી નોટો અલગમાં મૂકવામાં આવી હતી જે બજારમાં આવી ચૂકી છે.




નોટબંધી બાદ કર્ણાટકના મૈસુરમાં આવેલી RBIની નોટ પ્રિન્ટીંગ પ્રેસે ડિસેમ્બર 2016માં સૌથી વધુ સંખ્યામાં ચલણી નોટો છાપવાના તેના ભૂતકાળના બધાં જ રેકોર્ડ તોડી હતા. આ પ્રિન્ટીંગ પ્રેસે એક જ દિવસમાં 1 કરોડ 9 લાખ જેટલી નોટો છાપી હતી.

કેન્દ્ર સરકારે દેશના ગ્રામિણ વિસ્તારોમાં ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે 'આધાર-પે' મોબાઈલ એપનો શુભારંભ કર્યો છે. 'આધાર-પે' ના માધ્યમથી ફિંગરપ્રિન્ટ દ્વારા ડિજિટલ રીતે નાણાંકીય વ્યવહારો થઈ શકશે.

આ ઉપરાંત ડિજિટલ પેમેન્ટનો વ્યાપ વધે તે માટે ગુજરાત રાજ્યમાં પ્રથમ ડિજિ ધન મેળો ભાવનગર મુકામે 22 જાન્યુઆરી 2017 ના રોજ યોજાઈ ગયો. આ અંતર્ગત ડિજિ ધનમેળામાં બેંકનું ખાતું ખોલાવી સ્થળ પર જ મોબાઈલ અને આધારકાર્ડ તેમજ અન્ય KYC ડોક્યુમેન્ટ સાથે બેંક એકાઉન્ટનું જોડાણ કરી શકાય છે. એ જ રીતે ડેબિટ અને ક્રેડિટ કાર્ડની જ નોંધણી પણ સ્થળ પર, ઈ-વોલેટ અંગેની માહિતી, આ બધી જ સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી. દેશનો સૌ પ્રથમ ધન મેળો હરિયાણાંના ગુરૂગ્રામમાં યોજવામાં આવ્યો હતો.

વિશેષમાં કેશલેસ વ્યવહારોને પ્રોત્સાહિત કરવા અને ડિજીટલ ઈન્ડિયાના પહેલને આગળ ધપાવવા ભારત સરકારે UPI (United Payment Interface) અને BHIM (Bharat Interface for

Money) એપ્લીકેશન શરૂ કરી છે. આ જ દિશામાં સરકારે વધુ એક સુવિધા શરૂ કરી છે. જેનું નામ છે ભારત- QR કોડ.

છેલ્લાં કેટલાંક વર્ષોથી લોકો ડેબિટકાર્ડ અને ક્રેડિટકાર્ડના માધ્યમથી કેશલેસ ચૂકવણીઓ કરતા જ આવ્યાં છે. ભારત-QR કોડ એક સુનિયોજીત પધ્ધતિ છે. જેમાં માત્ર મોબાઈલથી કોડ જ સ્કેન કરવાનો રહે છે. નાની ચૂકવણીઓ માટે આ વધારે સરળ વિકલ્પ છે. હવે ડિજિટલ પેમેન્ટ માટે કાર્ડ સ્વાઈપ મશિનનો ઉપયોગ જરૂરી નથી. ઉપયોગ કર્તાઓ કોડ સ્કેન કરીને ગણતરીની મિનિટોમાં જ નાણાંની ચૂકવણી કરી શકશે. રીટેલ પેમેન્ટ પધ્ધતિને વિકસાવવામાં તેમજ Rupay કાર્ડના વિકાસમાં NPCI - National Payment Corporation of India નો મહત્ત્વનો મહત્ત્વનો ફાળો છે.

આ ઉપરાંત બેનામી પેઢીઓ પર અંકુશ રાખવા ભારતે આંતર વિભાગીય ટાસ્ક ફોર્સની રચના કરી છે. જે મોટાપાયે કાળા નાણાંને ધોળું કરી રહેલી અને કરચોરીમાં સંડોવાયેલી બેનામી કંપનીઓ પાસેથી કાળું નાણું શોધી કાઢવા માટે સરકાર દ્વારા નોટબંધી બાદ લેવાયેલું મોટું પગલું છે.

ગેરકાયદેસર નાણાંનો સંગ્રહ રોકવા RBI એ 'સચેત' પોર્ટલ લોન્ચ કર્યું છે. RBIના ગવર્નર રઘુરામ રાજને 4 ઓગષ્ટ, 2016ના રોજ ગેરકાયદેસર કાળાં નાણાંનો સંગ્રહ અટકાવવા Sachet.org.in પોર્ટલની શરૂઆત કરી છે. આ પોર્ટલ કોઈપણ સંસ્થાને કે વ્યક્તિને નાણાં સ્વીકારવાની મંજૂરી અપાઈ હોય તેની માહિતી મેળવવામાં મદદ કરશે અને કોઈ સંસ્થા દ્વારા ગેરકાયદેસર રીતે નાણાંનો સ્વીકાર કરાયો હોય તો તેની ફરિયાદ પણ કરી શકશે.

કેન્દ્ર સરકારે જે વ્યક્તિઓએ અગાઉના વર્ષોમાં પોતાની સાચી આવક જાહેર કરી નથી તેવા તમામ લોકોને આગળ આવવા અને પોતાની જાહેર નહી કરેલી આવકની જાહેરાત કરવાની એકમાત્ર તક આપતી યોજના Income Declaration Schemeની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ જાહેર કરેલ આવક પર 45% ના દરે કર, વ્યાજ અને દંડ ચૂકવવા પાત્ર રહેશે.

વળી, કાળા નાણાંને દેશની બહાર જતા રોકવા માટે 'સેન્ટ્રલ ઈકોનોમિક ઈન્ટેલિજન્સ બ્યુરો'ની સ્થાપના કરાશે. જે કંપનીઓ આયાતકાર કે નિકાસકારો દ્વારા વિદેશમાં મોકલવામાં આવતા નાણાંનો હિસાબ રાખશે અને તેનું યોગ્ય વિશ્લેષણ કરશે.

વૈશ્વિક સંબંધોને મજબૂત બનાવવાના ભાગરૂપે ભારતમાં ઈસ્લામિક બેંકિંગને પણ મંજૂરી અપાઈ છે. ભારત પહેલો બિનઈસ્લામિક દેશ હશે કે જ્યાં જેદ્દાહની ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંક (IDB) પોતાની સેવાઓ આપવા તૈયાર છે. તેની પ્રથમ શાખા ગુજરાતમાં ખોલવામાં આવશે.

દેશમાં સૌથી વધુ ધ્યાન ખેંચનારી યોજના પ્રધાનમંત્રી જનધન યોજના (PMJAY). છે જે 28 ઓગષ્ટ, 2014ના રોજ વડાપ્રધાન દ્વારા દેશના ગરીબોને બેંક સાથે જોડવાના આશયથી શરૂ કરાઈ હતી. જેમાં દરેક ગરીબ વ્યક્તિને બેંકમાં ઝીરો બેલેન્સથી ખાતું ખોલી આપવામાં આવે છે. વળી આ યોજના હેઠળ ખાતા ધારકને 30,000નો જીવન વીમો અને 1 લાખનો અકસ્માત વીમો આપવામાં આવે છે. વળી દરેક ખાતા ધારકને રૂપે ડેબીટકાર્ડ આપવામાં આવે છે. અહીં નોંધવું જોઈએ કે તમામ પરિવારો માટે બેંક ખાતું ખોલનારું કેરાલા દેશનું પહેલું રાજ્ય બની ગયું છે. કેન્દ્ર સરકારની આ યોજનાએ ખૂબ જ ટૂંકા સમયના 11 કરોડ જેટલા ખાતાંઓ ખોલીને ગિનિઝ બુકમાં વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે.

વળી, કેન્દ્ર સરકારે SBI માં 05 સહાયક બેંકોના વિલિનિકરણને મંજૂરી આપી છે. જો કે વિલિનિકરણને કારણે કોઈ બેંક કર્મચારીને નોકરીમાંથી છૂટો કરાશે નહિ. SBIમાં ભળી જનારી આ બેંકોમાં સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર, તથા સ્ટેટ બેંક ઓફ ત્રાવણકોરનો સમાવેશ થાય છે.

**હવે વીમાસેવા :** વીમો એટલે જોખમને ઓછું કરે તે. વીમા કંપનીઓ વીમા પોલીસી દ્વારા ગ્રાહકના જીવન કે તેની સંપત્તિને થતાં આકસ્મિક નુક્શાનને હળવું કરવાના પ્રયત્નો કરે છે. વીમાના બે પ્રકાર છે -

**1)** જીવન વીમો (Life Insurance)

**2)** સામાન્ય વીમો (General Insurance)

**ભારતમાં જાહેરક્ષેત્રની વીમાની કંપનીઓ જોઈએ તો -**

**1)** LIC - જીવન વીમા નિગમ (1956)

**2)** GIC - General Insurance Corporation of India (સામાન્ય વીમા નિગમ) (1972)

**3)** AICIL - Agricultural Insurance Company of India Ltd. ભારતીય કૃષિ વીમા કંપની (2002)

⇨ **અન્ય સામાન્ય વીમા કંપનીઓ**

**4)** ન્યુ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ

**5)** રાષ્ટ્રિય વીમા કંપની લિમિટેડ

**6)** યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લી.

**7)** ઓરીએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લી.

ભારતમાં વીમા ઉદ્યોગના નિયામક તરીકે IRDAI - Insurance Regulatory and Development Authority of India ફરજ બજાવે છે. જેની સ્થાપના 2000માં થઈ હતી. તે વીમાક્ષેત્રનું નિયમન, તેના વિકાસ અને કાર્યની દેખરેખ રાખે છે. હાલમાં 57 જેટલી વીમા કંપનીઓ છે. જેમાં જીવન વીમા ક્ષેત્રે 24 અને સામાન્ય વીમા ક્ષેત્રે 33 કંપનીઓ છે. જે અંતર્ગત વર્ષ 2016-17માં 36 કરોડ જેટલા જીવન વીમા ધારકો હતાં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 9 મે, 2015 ના રોજ કોલકત્તાના એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJY) અને અટલ પેન્શન યોજના (APY) એમ ત્રણ યોજનાની શરૂઆત કરાઈ હતી જે અંતર્ગત જોઈએ તો

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ આકસ્મિક મૃત્યુ કે સંપૂર્ણ વિકલાંગતાનો ભોગ બનનારને 2 લાખ અને આંશિક વિકલાંગતા માટે રૂ.1 લાખની સહાય આપવામાં આવે છે. આ યોજના 18 થી 70 વર્ષની વ્યક્તિ માટે છે. જે અંતર્ગત વાર્ષિક પ્રિમિયમ વ્યક્તિદીઠ રૂ.12 ભરવાનું હોય છે. એ જ પ્રમાણે

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJY) હેઠળ બેંક ખાતું હોય તેવા 18 થી 50 વર્ષની વ્યક્તિના કોઈ પણ કારણસર મૃત્યુ સામે 2 લાખ સુધીનું વળતર ચૂકવાશે. અહીં 50 વર્ષ પૂર્ણ કર્યા પહેલા યોજનામાં જોડાયેલા લોકોને જોખમ સામે 55 વર્ષની વય સુધી રક્ષણ મળશે. આ યોજના માટે વાર્ષિક પ્રિમિયમ રૂ.330/- રહેશે. આ રકમ બેંક ખાતામાંથી ઓટો ડેબિટ થશે. એ જ રીતે અટલ પેન્શન યોજના (APY) એ અસંગઠિત ક્ષેત્રોના કામદારો માટે વૃધ્ધાવસ્થા દરમિયાન આવકની સલામતી અને સ્વૈચ્છિક નિવૃત્તિના સમય માટેની રોકાણ યોજના છે. આ યોજનામાં ન્યૂનતમ વયમર્યાદા 18 વર્ષ અને મહત્તમ 40 વર્ષ છે.

આ ઉપરાંત ખેડૂતોના કલ્યાણ માટે 13 જાન્યુઆરી, 2016 ના રોજ પ્રધાનમંત્રી પાક વીમા યોજનાની શરૂઆત કરાઈ છે. આ યોજનામાં કુદરતી આફતોથી થતા નુકશાનને આવરી લેવામાં આવશે. આ યોજનામાં એક સીઝન માટે એક પ્રિમિયમની જોગવાઈ કરેલ છે. આ વીમા યોજનાની રકમ જે-તે વીમા ધારકના ખાતામાં જમા થશે. આથી કોઈ વચેટિયા કમિશનનો લાભ લેતા બંધ થશે. આ યોજનામાં પાકની કાપણી પછીના નુક્સાનને (Post Harvesting) પણ આવરી લેવામાં આવ્યું છે. ખરીફ પાક પર 2% અને રવિપાક પર 1.5% પ્રિમિયમનો દર નક્કી કરવામાં આવ્યો છે. આ યોજના 2016-17 સુધીમાં 50.9 મિલિયન ખેડૂતોને આવરી લેવામાં આવ્યાં છે.

ભારત સરકારે 'પ્રધાનમંત્રી વયવંદના યોજના' પેન્શન સ્કીમ શરૂ કરી છે. જેમાં 10 વર્ષની પોલિસી

મુદ્દત માટે 60 વર્ષથી ઉપરની વયના તમામ સિનિયર નાગરિકોને 8% ના દરે વાર્ષિક વળતર આપશે.

ભારતની સંસદે તાજેતરમા વીમા કાયદા સુધારા બિલને મંજૂરી આપી છે. જેના ભાગરૂપે વીમામાં વિદેશી રોકાણની ઉપલી મર્યાદા 26% થી 49% કરી છે. મેટલાઈફ (Metlife) અને (AIG) જેવી વિદેશી વીમા કંપનીઓ સંયુક્ત સાહસ દ્વારા ભારતમાં પહેલેથી કામગીરી કરી રહી છે.

વીમા ક્ષેત્રમાં નોંધપાત્ર સંયુક્ત સાહસના ઉદાહરણોનીચે મુજબ છે -

**1)** બજાજ (Bajaj) સાથે જર્મનીની એલિયાન્ઝ

**2)** આદિત્ય બિરલા ગ્રુપ સાથે સનલાઈફ ફાયનાન્શિયલ ઓફ કેનેડા

**3)** ભારતી એકસા જનરલ ઈન્શ્યોરન્સ કંપની, ભારતી એન્ટરપ્રાઈસ અને ફ્રાન્સના AXA ગ્રુપ

ફ્યુચર જનરલ ઈન્ડિયા વીમા, ફ્યુચર ગ્રુપ અને ઈટાલીની જનરલી ગ્રુપ

વીમાક્ષેત્રે અન્ય ખાનગી કંપનીઓ પણ ગ્રાહકોને આકર્ષવામાં સફળ રહી છે. જેમાં મેક્સબુપા લાઈફ ઈન્શ્યોરન્સ, રેલિગેર હેલ્થકેર ગ્રુપ, એપોલો મ્યુનિક હેલ્થ ઈન્શ્યોરન્સ વગેરે.

ભારતીય વીમા ક્ષેત્ર વિશ્વના સૌથી મોટા વીમા ક્ષેત્રો પૈકી એક છે. વળી, વસ્તીનું કદ પણ મોટું હોવાથી આ ક્ષેત્રના વિકાસની વિશાળ શક્યતાઓ રહેલી છે. દેશમાં યુવાન વસ્તીનું પ્રમાણ મધ્યમ વર્ગનું પ્રમાણ તેમજ નિવૃત્તિ સમયે પડતી જરૂરિયાતો અંગે જાગૃતિ વધવાથી ભારતીય વીમા ઉદ્યોગની વૃધ્ધિને ટેકો મળી રહે છે. આરોગ્ય વીમા ધારકોની સંખ્યામાં વધારો થવાથી દેશના હેલ્થકેર ક્ષેત્રની આવકમાં પણ વૃધ્ધિ જોવા મળી છે.

**10.2.4 ભારતમાં પ્રવાસન અને હોસ્પિટાલીટી : (Tourism & Hospitality)**

ભારત ભૌગોલિક વૈવિધ્યતા ધરાવતો દેશ હોવાથી પર્યટનક્ષેત્રે વિકાસની ઉજ્જવળ સંભાવનાઓ રહેલી છે. ભારતીય પ્રવાસન અને હોસ્પિટાલીટી (હોટેલ અને રેસ્ટોરન્ટ) ઉદ્યોગ સેવાક્ષેત્રની વૃધ્ધિમાં એક ચાવીરૂપ ઉદ્યોગ તરીકે ઉભરી આવ્યો છે. આપણા દેશમાં ફેલાયેલું અપાર કુદરતી સૌંદર્ય, ભૂ-પ્રદેશો, ઈકોલોજી તેમજ દેશનો સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. સિધ્ધિ મેળવી છે. પ્રવાસનક્ષેત્રે રોજગાર સર્જનની વિશાળ શક્યતાઓ છે તેમજ તે વિદેશી હૂંડિયામણના પણ મહત્ત્વનો સ્ત્રોત છે.

ભારતને વૈશ્વિક પ્રવાસન કેન્દ્ર બનાવવા માટે સરકાર સજાગ બની છે. તે પ્રવાસન ઉદ્યોગ, E-Visa યોજનાના વિસ્તરણ માટે પણ યોગ્ય પગલા લઈ રહી છે. E-Visaના અમલીકરણથી ભારતમાં પ્રવાસીઓનો પ્રવાહ બમણો થવાની સંભાવના છે. સરકારે પર્યટનક્ષેત્રના વિકાસ માટે 165 દેશોના નાગરિકો માટે દેશના 25 હવાઈમથકો પર E-Visaની સુવિધા શરૂ કરી છે.

વિશેષમાં 'અતુલ્ય ભારત' - Incredible India જાહેરાત દ્વારા વિદેશી પ્રવાસીઓને ભારત પ્રવાસ માટે આકર્ષવામાં આવે છે. 'અતુલ્ય ભારત' - કેમ્પેન માટે વર્ષ 2018માં અમિતાભ બચ્ચન અને પ્રિયંકા ચોપરાની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્તિ થઈ હતી. વળી વિવિધ રાજ્ય સરકારો દ્વારા પણ પર્યટન વિકાસ માટે પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. જેમકે - 'ગુજરાત રાજ્ય માટે કુછ દિન તો ગુજારો ગુજરાત મેં' જાહેરાત ખૂબ જ સફળ રહી છે. મેડીકલ ટુરીઝમ માટે પણ ભારત વિદેશીઓ માટે પસંદગીનું સ્થળ બન્યું છે.

પ્રવાસને પ્રવાસીઓના પ્રમાણ, રોજગારી અને રોકાણને દષ્ટિએ જોઈએ. વર્ષ 2017 માં સ્થાનિક પ્રવાસીઓની સંખ્યા 1432 મિલિયન હતી જે વર્ષ 2016 માં વધીને 1615 મિલિયન નોંધાઈ હતી. જે 12.8%ની વૃધ્ધિ બતાવે છે. અહીં નોંધવું જોઈએ કે 2016 માં મધ્યપ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ રાજ્યો પ્રવાસન માટે સૌથી લોકપ્રિય રહ્યા હતા.

આ જ રીતે પ્રવાસન ક્ષેત્ર દેશની GDP ના કુલ 7% અને કુલ રોજગારમાં લગભગ 9% સુધીનું યોગદાન આપે છે. આ જ પ્રમાણે રોકાણની દષ્ટીએ જોઈએ તો ઘણી સ્થાનિક તેમજ વિદેશી કંપનીઓએ છેલ્લા બે વર્ષમાં ભારતના પ્રવાસનક્ષેત્રે મોટું રોકાણ કર્યું છે. જેમકે - અમેરિકા સ્થિત વિન્ટેજ

હોસ્પિટાલીટી ગ્રુપ, લલિત સુરી હોસ્પિટાલીટી ગ્રુપ, થાઈલેન્ડની ઓનીક્સ હોસ્પિટાલીટી અને કિંગ્સબ્રીજ દ્વારા દેશમાં 2018 સુધીમાં 07 હોટેલ ખોલવા માટે સંયુક્ત સાહસ કરવામાં આવ્યું છે. ITC હોટેલ દેશમાં તેની 150 જેટલી હોટેલ વિસ્તરણ માટે 9000 કરોડનું રોકાણ કરવાની યોજના બનાવી રહ્યું છે.

વિશેષમાં પ્રવાસનક્ષેત્રે ભારત અને ઓમાન વચ્ચે એમ.ઓ.યુ.(MOU) પણ થયા છે.

આ ઉપરાંત વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા તાજેતરના અહેવાલ મુજબ પ્રવાસ અને પ્રવાસન સ્પર્ધાત્મક્તા ઈન્ડેક્સ (Travel Tourism Competitive Index - TTCI) માં 141 દેશોની યાદીમાં ભારતનું સ્થાન આગળ આવી રહ્યું છે. આ દર્શાવે છે કે ભારત પ્રવાસનની દૃષ્ટિએ પ્રગતિ કરી રહ્યું છે. આ અહેવાલ મુજબ ભારતનો ક્રમનીચે મુજબ છે.

| દેશ | વર્ષ | રેન્ક |
|---|---|---|
| ભારત | 2013 | 65 |
| ભારત | 2015 | 52 |
| ભારત | 2017 | 40 |

સ્ત્રોત : વર્લ્ડ ઈકોનોમિક્સ ફોરમ

આ યાદીમાં ટોચના 10 દેશોનીચે મુજબ છે.

| 2015 | | 2017 | |
|---|---|---|---|
| રેન્ક | દેશ | રેન્ક | દેશ |
| 1 | સ્પેન | 1 | સ્પેન |
| 2 | ફ્રાન્સ | 2 | ફ્રાન્સ |
| 3 | જર્મની | 3 | જર્મની |
| 4 | યુ.એસ. | 4 | જાપાન |
| 5 | યુ.કે. | 5 | UK |
| 6 | સ્વિટ્ઝરલેન્ડ | 6 | US |
| 7 | ઓસ્ટ્રેલિયા | 7 | ઓસ્ટ્રેલિયા |
| 8 | ઈટાલી | 8 | ઈટાલી |
| 9 | જાપાન | 9 | કેનેડા |
| 10 | કેનેડા | 10 | સ્વિટ્ઝરલેન્ડ |

સ્ત્રોત : વર્લ્ડ ઈકોનોમિક્સ ફોરમ

1. સરકારે 'નેશનલ હેરિટેજ સીટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન પ્લાન' ના પ્રથમ તબક્કા માટે 500 કરોડની જોગવાઈ કરી છે. જે હેઠળ પ્રથમ તબક્કામાં વારાણસી, અમૃતસર, મથુરા, ગયા, અજમેર, કાંચીપુરમ, વેલાંકીની, અમરાવતી, પુરી, વારંગલ અને દ્વારકા જેવાં શહેરોને આવરી લેવામાં આવ્યાં છે.

2. 'પ્રોજેક્ટ મૌસમ'ની શરૂઆત કરી છે. 39 જેટલા દેશો સાથે સાંસ્કૃતિક જોડાણો દ્વારા ઐતિહાસિક, સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને મજબૂત બનાવવા માટેના પ્રયાસ છે.વિશેષમાં સરકારે પ્રવાસન વિકાસ માટે વિવિધ યોજનાઓ પણ બનાવે છે જેનીચે પ્રમાણે છે.

3. આધ્યાત્મિક તીર્થ સ્થળોના કાયાપલટ માટે -"Pilgrimage Rejuvenation and Spiritual Augmentation Drive - PRASAD પ્રસાદ) યોજનાનો શુભારંભ કર્યો છે. જે હેઠળ અમરાવતી (આંધ્રપ્રદેશ), દ્વારકા (ગુજરાત), ગયા (બિહાર), અમૃતસર (પંજાબ), અજમેર

(રાજસ્થાન), વારાણસી (ઉત્તરપ્રદેશ), મથુરા (ઉ.પ્રદેશ), કાંચીપુરમ (તમિલનાડુ), વેલાંકીની (તમિલનાડુ), પુરી (ઓડિશા), કેદારનાથ (ઉત્તરાખંડ) અને કામાખ્યા (આસામ) જેવાં શહેરોની પસંદગી કરી છે. ઉપરોક્ત બધા જ ધાર્મિક સ્થળોએ બારેમાસ શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળે છે. તેથી 'પ્રસાદ' યોજના અંતર્ગત આ ધાર્મિક સ્થળોના વિકાસના કાર્યક્રમો કરવામાં આવશે. આ શહેરોની પસંદગી તેમના સૌથી જૂના સાંસ્કૃતિક અને ઐતિહાસિક પાસાને ધ્યાનમાં લઈને કરાય છે. આ યોજના માટે 15.60 કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેમાંથી બિહારના ગયા મુકામે આવેલા વિષ્ણુપ્રસાદ મંદિરના પરિસરની આજુ બાજુ પાયાની સુવિધાઓ ઉભી કરવા માટે 85.78 લાખની ફાળવણી કરી દેવામાં આવી છે.

4. ભારત સરકારની હેરિટેજ સીટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના - HRIDAY (હ્રદય) યોજના જાન્યુઆરી 2015 એ દેશમાં આવેલા હેરિટેજ શહેરોના સમગ્ર વિકાસલક્ષી હેતુથી શરૂ કરવામાં આવી હતી. જેના પ્રથમ તબક્કામાં વારાણસી, અમૃતસર, અજમેર, દ્વારકા મથુરા, ગયા, કાંચીપુરમ, વેલાંકીની અમરાવતી, પુરી વારાંગલ જેવાં શહેરોને આવરી લેવામાં આવ્યાં છે. આ 'હ્રદય' યોજના માટે શહેરી વિકાસ મંત્રાલય દ્વારા 453.90 કરોડની નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં આ યોજના હેઠળ દ્વારકા ખાતે આવેલ વિશ્વવિખ્યાત દ્વારકાધીશ હવેલી અને હનુમાનદાંડીના પથને જોડવા માટે 16.27 કરોડની ફાળવણી થઈ છે. અહીંયા સૌથી મહત્ત્વના શંખોદ્ધાર બેટ અને રણછોડ તળાવ પણ આવેલા છે.

5. દેશમાં પ્રવાસનને વેગ આપવા માટે મે - 2015માં 'સ્વદેશ દર્શન યોજના'ની શરૂઆત કરાઈ છે. આ યોજના હેઠળ જુદી જુદી થીમ આધારિત પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તેવું આયોજન છે. જેમાં-

   - બૌધ્ધિધર્મ આધારિત સ્તુપ - બૌધ્ધ ગયા
   - હિમાલયન વિસ્તાર
   - ઉત્તર પૂર્વીય વિસ્તાર
   - વન્ય જીવન સર્કિટ
   - આદિવાસી સર્કિટ
   - રણ વિસ્તાર
   - કૃષ્ણ સર્કિટ (મથુરા - વૃંદાવન)
   - હેરિટેજ સર્કિટ વગેરેની પસંદગી કરવામાં આવી છે.

ભારતના સમૃધ્ધ ઐતિહાસિક ધાર્મિક અને કુદરતી વારસાથી પ્રવાસનક્ષેત્રે રોજગાર સર્જનની વિશાળ સંભાવનાઓ રહેલી છે. ત્યારે દેશમાં ચોક્કસ સ્થળો પર ખાસ પ્રવાસન સર્કિટને વિકસાવવાની જરૂર છે. જેથી આવા સ્થળોની મુલાકાત લેવા માટે રસ ધરાવતા દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષી શકાય. એટલે જ જુદા-જુદા વિષયો આધારિત પ્રવાસન પ્રવૃત્તિને વેગ આપવા 'સ્વદેશ દર્શન' યોજનાની શરૂઆત થઈ છે. કેમ કે દરેક પ્રવાસીની પસંદગી જુદી જુદી હોય છે. કોઈકને દરિયા કિનારાવાળા પ્રદેશ પસંદ હોય તો કોઈકને જંગલ વિસ્તાર, કોઈકના રણ વિસ્તાર તો કોઈકને સાહસિક પ્રવૃત્તિ માટે એડવેન્ચરનો શોખ હોય, તો વળી કોઈ વન્ય જીવનને પસંદ કરતું હોય. આમ, પ્રવાસન ક્ષેત્રે પ્રવાસીઓની પસંદગી આધારિત જે-તે સ્થળોને વિકસાવવાની યોજના છે.

વળી, દેશમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસની સાથે રોજગારીનું પણ નિર્માણ થયું છે. ખાસ કરીને, વેકેશન કે રજાઓના ગાળા દરમિયાન પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળે છે. તેથી હોટલ અને રેસ્ટોરન્ટને પણ ધૂમ કમાણી થાય છે. આજુબાજુ આવેલા શોપિંગ વિસ્તારોમાં લોકો સ્થાનિક વસ્તુઓની ખરીદી કરે છે, તેમજ મનોરંજનની સેવાનો વ્યાપ પણ વધે છે. દા.ત. જો કોઈ પ્રવાસી રાજસ્થાન ફરવા જાય તો રાજસ્થાની નૃત્ય અને ગુજરાતના પ્રવાસે આવે તો ગુજરાતી ગરબા અચૂક માણવા મળે. દેશના

ધાર્મિક સ્થળોએ તો કાયમી ધોરણે પ્રવાસીઓની ભીડ જોવા મળે છે એટલે ત્યાંના સ્થાનિક લોકોની આજીવિકા પૂરી કરવાનું પણ માધ્યમ છે. પ્રવાસન સ્થળોએ પરિવહન સેવાનો પણ વ્યાપ ખૂબ વિસ્તરેલો છે. ખાસ કરીને વિદેશી પ્રવાસીઓને કુદરતી સૌંદર્ય માણી શકાય તેવી જગ્યાઓ ખૂબ ગમતી હોય છે એટલે ઘણી હોટલો તેમને ટેન્ટ અને ગાડીની પણ વ્યવસ્થા કરી આપે છે. આપણા દેશમાં પ્રવાસનક્ષેત્ર દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. પ્રવાસનને આનુષાંગિક અન્ય સેવાઓ જેવી કે હોટેલ, રેસ્ટોરન્ટ, ખાણી-પીણી બજાર, સ્થાનિક બનાવટની ચીજવસ્તુના બજાર, મનોરંજન, વગેરેનો પણ વ્યાપ વધ્યો છે.

વિદેશી પર્યટક આગમન (Foreign Tourist Arrival) અને વિદેશી હૂંડિયામણની કમાણી (Foreign Exchange Earnings - FEE)

| Year | $FTA_S$ | Growth% (%) | FEE (Rs.in crore) | Growth(%) |
|---|---|---|---|---|
| 2015 | 80,27,133 | 4.5 | 1,35,193 | 9.6 |
| 2016 | 88,04,411 | 9.7 | 1,54,146 | 14.0 |
| 2017 | 1,01,77,248 | 15.6 | 1,80,379 | 17.0 |

FTA - Foreign Tourist Arrival

FEE - Foreign Exchange Earnings

સ્ત્રોત : Ministry of Tourism, GOI,

આમ, ઉપરના ટેબલ પરથી જણાય છે કે વર્ષ 2017 માં ભારત આવનારા વિદેશી પર્યટકોની સંખ્યામાં 15.6% અને વિદેશી હૂંડિયામણની કમાણીમાં 17% જેટલી વૃધ્ધિ જોવા મળી છે.

**10.2.5 ભારતમાં પરિવહન સેવા :**

**(ક) રોડ - રસ્તાઓ :-**

ભારતનું રોડ નેટવર્ક વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું નેટવર્ક છે. જે વિવિધ પ્રકારની સડકોથી બનેલું છે.

- એક્સપ્રેસ વે
- નેશનલ હાઈવે
- રાજ્યમાર્ગ
- મુખ્ય જીલ્લા સડક
- રાજ્ય સડક
- ગ્રામ સડક વગેરે

નેશનલ હાઈવેનું નિર્માણ અને તેની દેખરેખની જવાબદારી કેન્દ્ર સરકારની છે. કેન્દ્રીય પરિવહન મંત્રાલય નેશનલ હાઈવેના વિકાસ અને વહીવટનું કામ ત્રણ એજન્સીઓના માધ્યમથી કરે છે. જેમાં-

1) નેશનલ હાઈવે ઓથોરિટિ ઓફ ઈન્ડિયા (NHAI)

2) રાજ્ય જાહેર બાંધકામ વિભાગ (PWD)

3) બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)

ભારતનો સૌથી લાંબો નેશનલ હાઈવે નંબર 44 છે. જ્યારે સૌથી ટૂંકો નેશનલ હાઈવે 47-A છે જેની લંબાઈ 6 km. છે. નેશનલ હાઈવે- 27 એકમાત્ર છે જે ઉત્તરપૂર્વીય ભારતને બાકીના ભારત સાથે જોડે છે. ભારતમાં સૌથી વધુ સડકો ધરાવતું રાજ્ય મહારાષ્ટ્ર અને ત્યાર બાદ ઉત્તરપ્રદેશ છે. વિશ્વનો સૌથી ઊંચો સડકમાર્ગ લેહ-શ્રીનગર વચ્ચે છે જેને 2006માં નેશનલ હાઈવે 1-D તરીકે જાહેર કરાયો છે.

અહીં દેશના શહેરો અને ગામડાંઓ વચ્ચે રોડ-રસ્તાના જોડાણ દ્વારા પરિવહનની સેવામાં વધારો થયો છે. વળી, ભારતમાં રોડ-રસ્તાઓના નવીનીકરણને લઈને દેશમાં ઓટોમોબાઈલ્સના વેચાણમાં ઉછાળો જોવા મળ્યો છે.

- દેશમાં સુવ્યવસ્થિત રોડ પરિવહન એ ખેતરો, બજારો, ફેક્ટરીઓ અને ગામડાંઓ વચ્ચે સરળ સંપર્ક પ્રસ્થાપિત કરે છે. ડુંગરાળ વિસ્તારોમાં કે જ્યાં પરિવહનનું એક માધ્યમ રેલ્વેનો વિકાસ થઈ શકે તેમ ન હોય ત્યા રસ્તાંઓના બાંધકામ દ્વારા જે તે વિસ્તારને જોડવામાં આવે છે. ચીજવસ્તુઓને એક જગ્યાએથી બીજી જગ્યાએ રોડ પરિવહન દ્વારા સરળતાથી પહોંચાડી શકાય છે કેમ કે રસ્તાઓ પર બસ કે ટ્રકને ગમે ત્યાં અટકાવી શકાય છે. જ્યારે ટ્રેનને તો ચોક્કસ સ્ટેશને જ રોકી શકાય છે.
- ભારતના રોડ માળખાની વિશેષ ચર્ચા કરીએ તો નેશનલ હાઈવે વિકાસ કાર્યક્રમ અંતર્ગત ઉત્તર - દક્ષિણ કોરીડોરથી શ્રીનગરને કન્યાકુમારી અને પૂર્વ-પશ્ચિમ કોરીડોરથી સીલચર (આસામ) ને પોરબંદર સુધી જોડવામાં આવી રહ્યું છે.
- ભારતમાં નેશનલ હાઈવેની ઓળખ વધારે સરળ બનાવવા માટે સરકારે અમેરિકન પધ્ધતિ અપનાવી છે. જે પ્રમાણે ઉત્તરથી દક્ષિણ તરફ જતાં હાઈવેને એકી નંબરો ફાળવવામાં આવ્યા છે. જે મુજબ NH-8 નું NH-48 અને NH-6 નું NH-53 નામકરણ કરાયું છે.
- કેન્દ્રીય માર્ગ પરિવહન, હાઈવે અને શીપીંગ પ્રધાન દ્વારા 1 જુલાઈ, 2016ના રોજ દિલ્હીમાં નેશનલ ગ્રીન રાજમાર્ગ મિશનનો શુભારંભ કરાયો છે. જે હેઠળ 1500 કિ.મી. લાંબા રાજમાર્ગો પર જુદાં-જુદાં વૃક્ષો રોપવાની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમ માટે લગભગ રૂ.300 કરોડ ખર્ચવામાં આવશે. આ પહેલ દ્વારા રસ્તાઓની આજુ બાજુના વાતાવરણમાં પ્રદૂષણની માત્રા ઘટવાની સાથે વાતાવરણમાં ઠંડક આવશે.
- 27 ડિસેમ્બર, 2016ના રોજ વડાપ્રધાન દ્વારા ઉત્તરાખંડના દહેરાદૂનમાં ચાર ધામ માર્ગના વિકાસ માટેની પરિયોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના દ્વારા હિમાલયમાં ચાર ધામ યાત્રાનો માર્ગ સંપર્ક સુધરશે. આ યોજનાનો ઉદ્દેશ આશરે 900 કિ.મી.ના રાષ્ટ્રિય રાજમાર્ગ વિકસાવવાનો છે. આ ધોરીમાર્ગો 12,000 કરોડના ખર્ચે નિર્માણ પામશે. જેથી યાત્રાળુઓ ઉત્તરાખંડના ચાર ધામ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા સરળતાથી કરી શકશે. આ માર્ગ તમામ ઋતુઓ માટે સાનુકૂળ હશે. આ માર્ગમાં પુલ, ટનલ, ફલાયઓવર પણ હશે. જેથી યાત્રાળુઓની સુરક્ષામાં પણ વધારો થશે. વળી, આવા વિસ્તારોમાં વારંવાર થતા ભૂસ્ખલનો સામે રક્ષણ મેળવવા સ્લોપ સ્ટેબિલાઈઝેશન બનાવવામાં આવશે.

**રાષ્ટ્રિય રાજમાર્ગની સ્થિતિ : (31 ડિસે. 2016)**

રાષ્ટ્રિય રાજમાર્ગ વિકાસ પરિયોજના (NHDP) ના ચરણ-1 અને ચરણ-2 અંતર્ગતનીચે મુજબની કામગીરી થશે.

**1.** ચાર મહાનગરો દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ અને કોલકત્તાને 5846 કિ.મી. લાંબા રાજમાર્ગથી જોડનારી સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના.

**2.** ઉત્તર - દક્ષિણ અને પૂર્વ - પશ્ચિમ કોરીડોર જેની લંબાઈ 7142 કિ.મી. છે જે ક્રમશઃ કોચ્ચિ-સેલમ માર્ગ શ્રીનગરથી કન્યાકુમારી અને સિલચર (આસામ) ને પોરબંદર (ગુજરાત)થી જોડશે.

ઉપરાંત દેશના 12 મુખ્ય બંદરોને જોડતાં 380 કિ.મી. લાંબા રાષ્ટ્રિય રાજમાર્ગને ચાર લેન બનાવવાની યોજના છે.

NHDP-III ચરણમાં રાજ્યોની રાજધાની, મહત્ત્વના પર્યટન સ્થળો અને આર્થિક રીતે મહત્ત્વના સ્થળોને જોડવાવાળા સૌથી વધારે અવર જવર ધરાવતાં 12,109 કિમી.ના રાજમાર્ગને 4 લેન / 6 લેન બનાવવાનું છે.

## (ખ) રેલ્વે : (Rail Transport)

ભારતીય રેલ્વે વિશ્વના સૌથી મોટા રેલ નેટવર્કોમાંથી એક છે. સંપૂર્ણ રેલ્વે નેટવર્કને 16 ઝોનમાં વહેંચવામાં આવ્યું છે.

| ક્રમ | રેલવે ઝોન | મથક |
|---|---|---|
| 1 | ઉત્તર રેલવે (NR) | દિલ્હી |
| 2 | ઉત્તર-મધ્ય રેલવે (NCR) | અલાહાબાદ |
| 3 | ઉત્તર-પૂર્વ રેલવે (NER) | ગોરખપુર |
| 4 | પૂર્વ-મધ્ય રેલવે (ECR) | હાજીપુર |
| 5 | પૂર્વ રેલવે (ER) | કોલકાતા |
| 6 | ઉત્તર-પૂર્વ ફ્રન્ટીયર રેલવે (NEFR) | માલીગાંવ, ગુવાહાટી |
| 7 | દક્ષિણ રેલવે (SR) | ચેન્નાઈ |
| 8 | દક્ષિણ મધ્ય રેલવે (SCR) | સિકંદરાબાદ |
| 9 | દક્ષિણ-પૂર્વ મધ્ય રેલવે (SECR) | બિલાસપુર |
| 10 | દક્ષિણ -પશ્ચિમ રેલવે (SWR) | હુબલી |
| 11 | પશ્ચિમ રેલવે (WR) | ચર્ચગેટ, મુંબઈ |
| 12 | મધ્ય રેલવે (CR) | CST,મુંબઈ |
| 13 | પશ્ચિમ-મધ્ય રેલવે (WCR) | જબલપુર |
| 14 | ઉત્તર-પશ્ચિમ રેલવે (NWR) | જયપુર |
| 15 | પૂર્વ કોસ્ટલ રેલવે (ECR) | ભુવનેશ્વર |
| 16 | દક્ષિણ પૂર્વ રેલવે (SER) | કોલકાતા |

દેશમાં સૌથી લાંબુ અંતર કાપતી ટ્રેન વિવેક એક્સપ્રેસ છે જે દિબુગઢ (આસામ) થી કન્યાકુમારી વચ્ચે ચાલે છે. ત્યાર બાદ હિમસાગર એક્સપ્રેસ જમ્મુંતાવીથી કન્યાકુમારી સુધી ચાલે છે. સમજોતા એક્સપ્રેસ ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલે છે. કોલકાતા મેટ્રો 1984થી, દિલ્હી મેટ્રો 2002થી અને બેંગ્લોર મેટ્રો 2011થી ચાલુ થઈ છે.

તાજેતરમાં ભારતીય રેલ્વે મંત્રાલયે 90 રેલ્વે સ્ટેશનોને વિશ્વકક્ષાની સમકક્ષ વિકસાવવા માટેની યોજના બનાવી છે. જે એરપોર્ટ પર મળતી સુવિધા સમકક્ષ હશે. જેમાં CCTV કેમેરા, Wifi, સ્ટેશનોનું બાંધકામ - નવીનીકરણ, LED લાઈટ, પાણી માટેના વેન્ડર મશિન, લિફ્ટ-એસ્કેલેટર, બેસવાની પૂરતી વ્યવસ્થા, વિકલાંગ મુસાફરો માટે અવરજવર સરળ બને તેવી સુવિધા તેમજ વિશ્રામાલયનું નવીનીકરણ થશે.

ઉપરાંત દેશના 600 મુખ્ય રેલવે સ્ટેશનોના પુનઃવિકાસ માટે સરકારે એક હરીફાઈનું આયોજન કર્યું છે. જેમાં રેલવેમાં મુસાફરી કરતા યાત્રીઓ, આર્કિટેક્ટ્સ, શહેરીવિકાસ આયોજકો અને એન્જિનિયરો પોતાના પ્રતિભાવો આપી શકશે. તેમાંથી સારા પ્રતિભાવોને નવાજવામાં આવશે.

હવે તો ભારતીય રેલ્વે પણ જાહેરાતનું માધ્યમ બન્યું છે. જુદી-જુદી કંપનીઓ પોતાની વસ્તુની જાહેરાત રેલ્વેના ડબ્બાઓ પર આપે છે. જે જાહેરાતનું સૌથી સસ્તું અને ઝડપી માધ્યમ બન્યું છે.

- ભારતીય રેલ્વેની પ્રગતિ ગુણવત્તા તમને સેવાના વિસ્તારનેનીચેના મુદ્દાને આધારે સમજી શકાય.
- વિશેષમાં દર વર્ષે વૈષ્ણોદેવી મંદીરના દર્શનાર્થે જનારા લાખો શ્રધ્ધાળુઓની યાત્રાને સરળ કરવા માટે ઉધમપુરથી કટરાની વચ્ચે 4/7/14 ના રોજ નવી રેલસેવાની શરૂઆત કરી.

- યુરોપ અને એશિયાના દેશો વચ્ચે સંપર્ક વધારવા તથા માલસામાનની હેરફેર સરળતાથી કરી શકાય તે હેતુથી ટ્રાન્સ એશિયન રેલ નેટવર્ક પરિયોજનાની ચર્ચા થાય છે. જો તે સફળ થાય તો તેનાથી આ રેલ યોજનાથી દક્ષિણ એશિયા, ઈરાન, તુર્કી, ચીન, બાંગ્લાદેશ, થાઈલેન્ડ, ભારત અને પાકિસ્તાન વચ્ચે રેલસંપર્ક કાયમી થઈ જશે.
- હજરત નિજામુદ્દીન અને આગરા કેન્ટ વચ્ચે 5/4/16 ના રોજ શરૂ કરવામાં આવેલ ગતિમાન એક્સપ્રેસ દેશની સૌથી વધારે સ્પીડથી ચાલનારી ટ્રેન બની ગઈ છે. જ્યારે અમૃતસર -દિલ્હી- શાન-એ-પંજાબ એક્સપ્રેસ CCTVથી સજ્જ દેશની પહેલી ટ્રેન બની ગઈ છે.
- આસામ, અરૂણાચલ પ્રદેશ પછી મેઘાલય પૂર્વોત્તરનું ત્રીજું રાજ્ય છે જે રેલસેવાથી જોડાઈ ગયું છે. મેઘાલયના મેંદીપથાર સ્ટેશનથી આસામના દુધનોઈ રેલ્વે સ્ટેશન વચ્ચે નવેમ્બર, 2014માં નિયમિત રૂપથી રેલ સેવા શરૂ કરવામાં આવી છે.
- દેશનો સૌથી મહત્ત્વનો રેલ પ્રોજેક્ટ એ પીર પંજાલ પર્વતમાં દેશની સૌથી લાંબી અને એશિયાની બીજા નંબરની રેલસુરંગ બનાવવાના છે. પર્વતોથી ઘેરાયેલાં કાશમીર ઘાટીમાં આ રેલસુરંગના નિર્માણથી જમ્મુના બેનિહાલ અને કાશમીરના અનંતનાગ જીલ્લાના કાજીગુંડ વચ્ચે રેલસેવાનો પ્રારંભ થયો છે. આ રેલસુરંગ 11 કિમી. લાંબી છે. જેમાં રૂ. 1300 કરોડનો અંદાજીત ખર્ચ થયો હતો.
- દેશમાં Wifi સુવિધા મેળવનારું પહેલું સ્ટેશન બેંગ્લોર બની ગયું છે. જ્યાં ઓક્ટોબર, 2014 માં સ્ટેશન પર મફત વાઈફાઈ સેવાનો શુભારંભ કર્યો છે. 'નીલગીરી' પરિયોજના હેઠળ ગુગલ દ્વારા દેશના 400 સ્ટેશનો પર મફત વાઈફાઈની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- દેશમાં ખાસ કરીને અનારક્ષિત મુસાફરો માટે અંત્યોદય એક્સપ્રેસ શરૂ કરવામાં આવી છે. જેમાં રિઝર્વેશન વગરના મુસાફરો સરળતાથી યાત્રા કરી શકે છે. દેશની પહેલી અંત્યોદય એક્સપ્રેસ 27 ફેબ્રુઆરી, 2017ના રોજ અર્નાકુલમ અને હાવડા વચ્ચે ચલાવવામાં આવી હતી. આ ટ્રેનથી ગરીબ વર્ગના લોકોની લાંબી યાત્રા સુગમ બની રહેશે. રેલવે દ્વારા હમસફર અને તેજસ ટ્રેન પણ શરૂ કરવામાં આવી છે. હમસફર ટ્રેન આખી વાતાનુકૂલિત હશે. તેજસ ટ્રેન 130 કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી દોડશે. જેમાં ટી.વી.ની સાથે મફત વાઈફાઈની સુવિધા મળશે.

### ⇨ આધુનિક ભારતીય ટ્રેનની ઝાંખી :

**લખનઉ મેટ્રો :** માર્ચ, 2017થી શરૂ થઈ છે.

**મુંબઈ મેટ્રો :** ભારતીય રેલવેમાં જેની ઘણી વાતો થઈ રહી છે તેવો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ એટલે મુંબઈ મેટ્રો. મુંબઈમાં 88% લોકો નોકરી સ્થળે અવરજવર માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે. મુંબઈ સૌથી વધારે પ્રવાસી ગીચતા ધરાવતું શહેર છે. 2020 સુધી મુંબઈ મેટ્રોનું કામ પુરુ થશે. મુંબઈની આ સૌ પ્રથમ ભૂગર્ભ મેટ્રો રેલલાઈન હશે જે કોલાબાથી બાન્દ્રાને જોડશે. આ પ્રોજેક્ટ માટે અંદાજીત ખર્ચ રૂ.23,136 કરોડ થનાર છે. જેનાથી લોકોનો સમય બચશે.

### ⇨ ભારતની પહેલી બુલેટ ટ્રેન :

ભારતીય રેલવે માટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની શરૂઆત એ મહત્ત્વનું ક્રાંતિકારી પગલું છે. જેની ગતિમર્યાદા 320 km પ્રતિ કલાક હશે. બુલેટ ટ્રેન મુંબઈથી અમદાવાદ વચ્ચે દોડશે અને માત્ર બે કલાકમાં અમદાવાદ થી મુંબઈનું અંતર કાપશે. આ પ્રોજેક્ટ દેશના એન્જિનિયરીંગ ક્ષેત્રે એક મિસાલ બની રહેશે. કેમ કે બુલેટ ટ્રેનના આ પ્રોજેક્ટ માટે 21 કિમી. લાંબી ટનલ દરિયાનીનીચે બનાવવામાં આવશે. આ પ્રોજેકટ માટે જાપાન તરફથી ફંડની જોગવાઈ કરવામાં આવી છે. બુલેટ ટ્રેન માટે અંદાજીત રૂ.98,000 કરોડ નો ખર્ચ થશે. અહીં મહત્ત્વનું પાસું એ છે કે સસ્તા દરની મુસાફરી દ્વારા સામાન્ય નાગરિકો પણ બુલેટ ટ્રેનની મુસાફરી કરી શકશે. વર્ષ : 2018 માં આ પ્રોજેક્ટની શરૂઆત થઈ ચુકી છે.

⇨ **મેગ્લેવ ટ્રેન :** (Maglev Train)

ભવિષ્યમાં શરૂ થનાર આ સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત જે ટ્રેન શરૂ થશે તે વિજળી સંચાલિક નહી પણ મેગ્નેટથી ચાલશે. 500 km પ્રતિ કલાકની ઝડપી સ્પીડ પર આ ટ્રેન દોડી શકશે. આ માટે ખૂબ મોટાપાયે મૂડીરોકાણની જરૂર પડશે. તેથી PPP મોડલ દ્વારા આ પ્રોજેક્ટની શરૂઆત થશે.

આમ, ભવિષ્યમાં ભારતીય રેલવે એ આર્થિક વિકાસ માટેનું મહત્ત્વનું એન્જિન બની રહેશે કે જે ખર્ચની અસરકારક્તા, સલામતી, પર્યાવરણીય સુરક્ષા તેમજ મુસાફરોની કાળજી પર કેન્દ્રીત હશે. વળી આધુનિક ટેકનોલોજી દ્વારા વર્તમાન રેલવેના માળખાંને અપગ્રેડ કરવામાં આવી રહ્યું છે, તેમજ રેલ અકસ્માતોથી થતા મૃત્યુમાં ઘટાડો થાય તે માટે પગલા પણ લેવાઈ રહ્યાં છે.

જે અંતર્ગત દરેક ભારતીય માટે ટ્રેનની મુસાફરી આનંદદાયક અને સુવિધાજનક બની રહે તે માટે પ્રવાસીઓ માટે સેવાઓ ઉભી કરવી તેમજ વધુ આવક ઉભી થાય તેવા પ્રયાસો કરવા. ટ્રેન સમયસર આવે, રેલવે સ્ટેશનોની સ્વચ્છતા - સુંદરતા, ખાવાપીવાની ગુણવત્તાયુક્ત સુવિધા, સ્ટેશનો પર પીવાના શુધ્ધ પાણીની સુવિધા, બાયો-ટોયલેટ વગેરે સુવિધાઓને વધારે સારી બનાવવા તરફ અગ્રિમતા આપવામાં આવશે.

**(ગ) ભારતનો જળમાર્ગ / શીપીંગ ઉદ્યોગ અને બંદરો : (Water ways / Shipping Industry & Ports)**

દેશના જળમાર્ગને બે ભાગમાં વિભાજીત કરવામાં આવે છે.

1) આંતરિક જળમાર્ગ (Inland Water Ways)

2) સામુદ્રીક જળમાર્ગ (Sea Water Ways)

ભારતમાં કેન્દ્રીય આંતરિક જળપરિવહન નિગમ (CIWTC)ની સ્થાપના 1967 માં કોલકાતામાં કરવામાં આવી હતી. જે મુખ્યત્વે ગંગા, બ્રહ્મપુત્રા, હુગલી અને સુંદરવન પ્રદેશોના આંતરિક જળમાર્ગોના પરિવહન સાથે સંકળાયેલું છે. ભારતના આંતરિક જળમાર્ગોને રાષ્ટ્રિય જળમાર્ગોના રૂપમાં વિકસિત કરવાના ઉદ્દેશ્યથી ભારતીય આંતરિક જળમાર્ગ પ્રાધિકરણ (Inland Water Ways Authority of India)ની સ્થાપના 1986માં કરવામાં આવી હતી. તેનું મુખ્ય મથક નોઈડામાં તથા પ્રાદેશિક મથકો ગુવાહાટી, કોચી, કોલકાતા અને પટણામાં છે.

⇨ **ભારતના આંતરિક રાષ્ટ્રિય જળમાર્ગ : (National Water Way)**

| NW | સ્થળ | નદી | લંબાઈ કિ.મી. |
|---|---|---|---|
| 1. | અલાહાબાદથી હલ્દિયા | ગંગા, હુગલી | 1620 |
| 2. | સાદિયાથી ધુબરી (આસામ) | બ્રહ્મપુત્રા | 891 |
| 3. | કોલ્લમથી કોટ્ટાપુરમ | પશ્ચિમ તટીય નહેર<br>ચંપાકાર નહેર | 205 |
| 4. | કાકીનાકાથી પુંડિચેરી | કૃષ્ણા - ગોદાવરી | 1078 |
| 5. | ઓરિસ્સાથી પશ્ચિમ બંગાળ | મહાનદી | 588 |
| 6. | ભંગા - લખીપુર | બરાક નદી | 121 |

ભારતમાં મુખ્ય 13 બંદરો છે અને 197 નાના બંદરો છે. આ નાના બંદરોની સંખ્યા - ગુજરાતમાં 40, મહારાષ્ટ્ર - 53, ગોવા - 05 , દીવ અને દમણ - 2, કર્ણાટક - 09, કેરાલા - 13, લક્ષદ્વીપ - 10, તમિલનાડુ - 14, પોંડીચેરી - 01, પશ્ચિમ બંગાળ - 01 અને આંદામાન - નિકોબારમાં 23 છે.

⇨ **ભારતના મુખ્ય બંદરો :**

1. કંડલા (ગુજરાત) - કંડલા બંદરેથી મુખ્યત્ત્વે પેટ્રોલિયમ, કેમિકલ્સ અને લોખંડની આયાત થાય છે. જ્યારે અનાજ, મીઠું અને ટેક્ષટાઈલની નિકાસ થાય છે. કંડલા પોર્ટ ભારતનું સૌથી વધુ કમાણી કરતું પોર્ટ છે. ગુજરાતનું બીજું સૌથી મોટું ખાનગી પોર્ટ મુન્દ્રા છે.
2. મુંબઈ - સૌથી મોટું અને પ્રાકૃતિક બંદર
3. માર્માગોઆ પોર્ટ (ગોવા)
4. જવાહરલાલ નહેરૂ પોર્ટ (નવાસેવા - મુંબઈ)
5. કોચીન પોર્ટ (કેરાલા) પ્રાકૃતિક બંદર
6. હલ્દિયા - (પશ્ચિમ બંગાળ)
7. પારાદીપ (ઓરિસ્સા) કૃત્રિમ બંદર છે.
8. ન્યૂ મેંગ્લોર
9. તુતીકોરીન
10. ચેન્નાઈ પોર્ટ - પ્રાચીન બંદર છે. વધુ વેપાર કરતું બંદર છે.
11. એન્નોર - નવું સેટેલાઈટ બંદર
12. વિશાખાપટ્ટનમ - દેશનું સૌથી ઊંડુ બંદર.
13. પોર્ટ બ્લેર (આંદામાન)

જ્યારે અન્ય મહત્ત્વના બંદરોમાં ઓખા, પોરબંદર, જાફરાબાદ, પીપાવાવ, ભાવનગર, હજીરા, વેરાવળ, દહેજ, જખૌ, સલાયા (ગુજરાત), મછલીપટ્ટનમ (આંધ્રપ્રદેશ), કાલિકટ, ક્વીલોન (કેરાલા), નાગપટ્ટીનમ, રત્નાગીરી વગેરે બંદરોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત બે મોટા નવા બંદરો બનાવવાની યોજના છે જેમાં સાગર બંદર પશ્ચિમ બંગાળમાં અને દૂગારાજપટ્ટનમ બંદર આંધ્રપ્રદેશમાં બનાવવામાં આવશે.

ભારત સરકારે 10 દરિયાકાંઠાના વિસ્તારોને આર્થિક રીતે વિકસાવવાની યોજના બનાવી છે જે દેશના 'સાગરમાલા' પ્રોજેક્ટને પુનઃજીવીત કરવાની યોજનાના ભાગરૂપે છે. સરકાર દેશના બંદરોનો માલસામાન પરિવહનના સંદર્ભમાં સડકમાર્ગ અને રેલમાર્ગના વિકલ્પ તરીકે આંતરિક જળમાર્ગક્ષેત્રનો વિકાસ કરવા માંગે છે અને અહીં આ સંદર્ભમાં ખાનગી રોકાણોને આકર્ષવાની આશા રાખે છે. આ વિસ્તારોને મેન્યુફેક્ચરિંગ હબમાં રૂપાંતરિત કરવામાં આવશે. જે ભારતમાં બંદરોના વિકાસ માટે સમયસર સતત પ્રયત્નશીલ છે. જે અંતર્ગત કેટલાંક પ્રયાસો કર્યા છે અને કરાઈ પણ રહ્યા છે જેનીચે મુજબ છે.

- મોટા બંદરોના કાર્યક્ષેત્રમાં સુધારા માટે ભારત સરકાર દ્વારા પ્રોજેક્ટ (ઉન્નતિ) 'UNNATI' શરૂ કરવામાં આવેલ છે.
- તાજેતરમાં જે બારાતગ ટાપુના નવા દરિયાઈ માર્ગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે.
- દેશમાં 'Smart Port Cities' પણ બનાવવાની યોજના છે. આ અતર્ગત આવા બંદરોએ પાણીના રીસાઈકલની વ્યવસ્થા કરાશે તેમજ બંદરોએથીનીકળતા કચરામાંથી બાયોગેસ પ્લાન્ટ બનાવવામાં આવશે.
- વૈશ્વિક માપદંડો અનુસાર જહાજો બનાવવાના અને તોડવાના કેન્દ્રોનો વિકાસ કરવામાં આવશે.
- ભારતમાં બંદરો પર વહાણના પ્રવેશ અને પ્રસ્થાન વચ્ચેનો સમય અન્ય દેશોની તુલનામાં ઊંચો જણાયો છે. તેથી આ દિશામાં સુધારા માટે પણ કેટલાંક પ્રયાસો કર્યા છે. એહીં નોંધવું જોઈએ કે બંદરો પર માલ-સામાનના ભરાવા માટેનું કારણ માલસામાન ઉતારવાની ક્ષમતાનો

અભાવ નથી પણ સામાન ઉતારવાની ધીમી ગતિ છે. વળી, બંદરો રેલ કે રસ્તા વ્યવહારથી યોગ્ય રીતે જોડાયેલા નથી. ઉપરોક્ત વિવિધ પ્રયાસો થકી ભારતમાં બંદરોની માલ વહન કરવાની ક્ષમતા 2021- 22 સુધીમાં 1695 મેટ્રીક ટન સુધી પહોંચવાની ધારણા છે.

**(ઘ) ભારતીય ઉડ્ડયન ક્ષેત્ર/ હવાઈવ્યવહાર :**

ભારતમાં નાગરિક ઉડ્ડયનક્ષેત્ર છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન દેશમાં સૌથી ઝડપથી વિકસતા ઉદ્યોગો પૈકી એક તરીકે ઉભરી આવ્યો છે. IATA - ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિયેશન મુજબ ભારત 2025 સુધીમાં ત્રીજા સ્થાને યુ.કે.ને સ્થાનાતરિત કરશે. આગામી વર્ષોમાં ભારત વિશ્વનું સૌથી મોટું નાગરિક ઉડ્ડયન બજાર બને તે માટે પ્રયત્નશીલ છે.

ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એસોસીએશન (DGCA) ના જણાવ્યા મુજબ ડિસેમ્બર 2017 થી ઘરેલુ એર ટ્રાફીક 17.69% વધ્યો હતો. લગભગ 11 મિલિયન મુસાફરોએ ગયા વર્ષે ઉડાન ભરી હતી. ડોમેસ્ટિક એરલાઈન્સ દ્વારા પણ મુસાફરી કરનારા પ્રવાસીઓની સંખ્યા નોંધપાત્ર છે. AAI - એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ભારતના કેટલાંક એરપોર્ટ જેવાં કે રાજકોટ, અમદાવાદ, લખને અને અલાહાબાદ પર વિકાસના નવા કામો કરવામાં આવશે. વધતી જતી ટ્રાફીક માંગને પહોંચી વળવા માટે એરપોર્ટ પર આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

વળી, ભારત આવનારા વિદેશી પ્રવાસીઓ માટે 'આગમન પર વીઝા' - Visa on Arrivalની સુવિધા શરૂ કરાઈ છે. જેમાં ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ કંબોડિયા, ફિનલેન્ડ, ફિજી, જર્મની, ઈન્ડોનેશિયા, ઈઝરાયેલ, જાપાન, જોર્ડન, કેન્યા, લક્ઝમબર્ગ, મ્યાનમાર, મોરેશિયસ, રશિયા, સીંગાપુર, દ.કોરિયા, નોર્વે, ઓમાન, થાઈલેન્ડ, UAE, ફિલિપાઈન્સ, વિયેતનામ વગેરે દેશોમાંથી ભારત આવનારા પ્રવાસીઓ માટે વીઝા ઓન અરાઈવલની સુવિધા દિલ્હી, કોલકાતા, મુંબઈ, ચેન્નાઈ, બેંગ્લોર, ગોવા, કોચીન, હૈદરાબાદ તેમજ તિરુઅંનતપુરમ આંતર રાષ્ટ્રીય એરપોર્ટ પર ઉપલબ્ધ બનશે. આવા પ્રવાસીઓ 30 દિવસ સુધી ભારતમાં રોકાણ કરી શકશે.

આ સુવિધા માટે પાસપોર્ટની માન્યતા ઓછામાં ઓછા 6 મહિનાની હોવી જરૂરી છે. તેમજ ભારતમાં રોકાણ દરમિયાન રહેવાની અને ખાવાપીવાની વ્યવસ્થા થઈ શકે તેટલા પ્રમાણમાં નાણાં હોવા જરૂરી છે. વીઝા ઓન અરાઈવલની સુવિધા ડિપ્લોમેટીક અને સરકારી પાસપોર્ટ પર ઉપલબ્ધ નથી.

AAI ના જણાવ્યા અનુસાર દૂરના વિસ્તારોના આર્થિક વિકાસ થાય તે માટે હવાઈ સંપર્કથી આવા દુર્ગમ વિસ્તારો જોડાઈ શકે તે માટે પગલાં લેવામાં આવ્યા છે. વળી, AAI ના રીપોર્ટ મુજબ 2014-15 માં બીકાનેર, જેસલમેર (રાજસ્થાન), ભટિંડા (પંજાબ), કુડપ્પા(આંધ્રપ્રદેશ) ના એરપોર્ટના વિકાસ અને નવીનીકરણના કાર્યો પૂરા થયેલ છે.

- ભારતમાં હવાઈ સેવાના વિસ્તાર, વૈવિધ્ય અને ગુણવત્તા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે આ સંદર્ભે જોઈએ તો..
- ભારતના બેંગ્લોર આંતર રાષ્ટ્રીય એરપોર્ટનું નામ બદલીને 16 મી સદીના શાસક હિરિયા કૈમ્પેગૌડાના નામ પર કૈમ્પેગૌડા આંતર રાષ્ટ્રીય એરપોર્ટ કરવામાં આવ્યું છે. દેશભરમાં આવેલા 50 જેટલા નાના શહેરોમાં આવેલા એરપોર્ટ કે જ્યાં વિમાનોની અવરજવર ઓછી છે અથવા તો એરપોર્ટનો ઓછો ઉપયોગ થાય છે તેવા એરપોર્ટનું નવીનીકરણ અને વિકાસના કામો 2017-18 દરમિયાન શરૂ કરવામાં આવશે.
- ભારતમાં આંતરિક વિમાની સેવા પૂરી પાડનાર નવી કંપની - વિસ્તારા - 'Vistara' ને મંજૂરી મળી છે. જે ટાટા ગ્રુપ અને સિંગાપુર એરલાઈન્સની ભાગીદારી કંપની છે. વળી, ટાટા ગ્રુપની ભાગીદારીવાળી અન્ય કંપની એર એશિયા પણ ભારતમાં આંતરિક ઉડાનની સેવા આપે છે. જે હાલ દક્ષિણ ભારતમાં ઉપલબ્ધ છે. ભારતમાં આંતરિક વિમાનીસેવા પૂરી પાડનાર કંપનીઓમાં એર, ઈન્ડિયા, જેટ એરવેઝ, ડંક્કન, ટાટા ઈન્ડિગો, ગો-એર મુખ્ય છે.

- ચૌધરી ચરણસિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ, લખનઉ ખાતે અંદાજીત 1230 કરોડ રૂ.ના ખર્ચે નવું ટર્મિનલ બાંધવામાં આવશે. જે કલાકમાં 4000 મુસાફરો અને દર વર્ષે 6.35 મિલિયન મુસાફરોને હેન્ડલ કરી શકશે.
- ઈન્દિરા ગાંધી આંતર રાષ્ટ્રીય એરપોર્ટ, દિલ્હીને 2016માં અને તેના ઉડ્ડયનક્ષેત્રે હૈદરાબાદ એરપોર્ટને 2017માં સામાજીક જવાબદારીના સરાહનીય કાર્ય બદલ ગોલ્ડન પીકોક એવોર્ડ પ્રાપ્ત થયા છે. આ એવોર્ડને વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક માનવામાં આવે છે.
- હવે ટ્રેનમાં જો ફર્સ્ટ અને સેકન્ડ એ.સી. (AC) માં ટિકિટ કન્ફર્મ નહી થાય તો પ્રવાસીઓને તે જ દિવસની ફલાઈટનો વિકલ્પ આપવામાં આવશે. આ સેવા અંતર્ગત પ્રવાસીઓ માટે ફલાઈટનો કોઈ પણ વધારાનો ચાર્જ લેવામાં આવશે નહી.
- દેશમાં અને E-Passport અને બાયોમેટ્રીક પાસપોર્ટની સુવિધા પણ લાગુ કરવામાં આવી છે.

**10.2.6 દૂરસંચાર / ટેલીકોમ / સંદેશાવ્યવહાર : (Telecommunication)**

ભારતમાં દૂરસંચાર ક્ષેત્રે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. ભારતમાં દિન પ્રતિદિન ટેલીફોન ધારકોની સંખ્યા નોંધપાત્ર રીતે વધી રહી છે. ભારત વિશ્વમાં બીજા નંબરનું સૌથી મોટું ટેલીફોન નેટવર્ક ધરાવે છે. અર્થતંત્રના વિવિધ ક્ષેત્રોના વિકાસ-વિસ્તરણ માટે માહિતીનું પ્રસારણ અંગભૂત ગણાય છે. સંદેશાવ્યવહારના સાધનોમાં મુખ્યત્ત્વે ટપાલ, પોસ્ટલ સેવા, મોબાઈલ, ઈન્ટરનેટ, વગેરેનો સમાવેશ થાય છે. દેશમાં જો સંચાર વ્યવસ્થા વિકસીત હોય તો ગ્રાહકો અને ઉત્પાદકો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એકબીજાના સંપર્કમાં આવે છે તેમજ બજાર વિશે અગત્યની જાણકારી પણ મળી રહે છે.

ભારતીય દૂરસંચારક્ષેત્રે સમયાંતરે નોંધપાત્ર પરિવર્તનો આવ્યા છે. બદલાતી જરૂરિયાતો અને નવી ટેકનોલોજી સાથે તાલમેલ સાંધવામાં તે સફળ રહી છે. ભારતીય પોસ્ટલ સેવાઓનું નેટવર્ક વિસ્તાર તેમજ વસ્તીની દ્રષ્ટિએ વિશ્વનું સૌથી મોટું નેટવર્ક છે. ભારતીય પોસ્ટલ વ્યવસ્થા બ્રિટિશકાળથી અસ્તિત્ત્વમાં છે. જે વિવિધ સેવાઓ પૂરી પાડે છે. જેમાં સંચાર સેવાઓ, પત્રો, પોસ્ટકાર્ડ, પાર્સલ સેવા, નાણાંકીય સેવા - જેવી કે મની ઓર્ડર, સેવિંગ્સ બેંક, PI-(Postal -ife Insurance), સ્પીડ પોસ્ટ વગેરે સુવિધાઓ આપે છે.

ટેલિકોમ સેવાઓ કે જે અત્યાર સુધી અમીર વર્ગ માટે મોજશોખની સેવાઓ ગણાતી હતી તે વિચારધારા હવે બદલાઈ છે. આજકાલ તો સામાન્યમાં સામાન્ય માનવી મોબાઈલનો ઉપયોગ કરતા થયો છે. કેમ કે લાંબાગાળાના ટેલીફોન દર પણ હવે પોષાય તેવા છે. પહેલાના સમયમાં આપણે STD/ISD બુથમાં સિક્કા નાખીને વાત કરતા હતાં, તે જમાનો હવે રહ્યાં નથી. મોબાઈલની સેવાએ બધું જ હાથવગુ કરી નાખ્યું છે.

વિશેષમાં દેશમાં મોબાઈલ ફોન ધારકો માટે મોબાઈલ નંબર પોર્ટેબિલીટી 20 જાન્યુઆરી 2011 થી દેશભરમાં લાગુ કરવામાં આવી છે. જે અંતર્ગત મોબાઈલ ફોનધારક પોતાના નંબરને બદલ્યા વગર કોઈ પણ ઓપરેટરની સેવાઓ મેળવી શકશે.

સંચાર વ્યવસ્થાના વિસ્તાર સંદર્ભે જોઈએ તો TRAIના આંકડા અનુસાર ડિસે 2016 સુધીમાં દેશમાં કુલ ટેલિફોન જોડાણની સંખ્યા 115.18 કરોડ હતી.જેમાં શહેરી ટેલિફોન જોડાણનું પ્રમાણ 68.31 કરોડ જ્યારે ગ્રામિણ ક્ષેત્રોમાં ટેલિફોન જોડાણનું પ્રમાણ 46.86 કરોડ હતું. સૌથી વધારે ટેલીફોન ગીચતા (Tele Density) દિલ્હીમાં (248.19) છે જ્યારે ઓછુ બિહારમાં (59.46) છે. ડિસે.2017ની સ્થિતિએ ભારતમાં ટેલિફોન ગીચતા વધીને 93 થઈ ગઈ છે. જે 2015 માં 81.83 હતી. અહીં દેશના કુલ ટેલીફોન જોડાણની સંખ્યા 115.18 કરોડ છે તેમાંથી 112.74 કરોડ જોડાણ વાયરલેસ અને 2.44 કરોડ જોડાણ વાયરલાઈન ટેલિફોનના હતાં. અહીં 31-3-2018ની સ્થિતિએ ટેલિફોન સેવાઓની સ્થિતિનીચેના કોઠામાં દર્શાવી છે.

**મોબાઈલ ફોન સેવા બજારમાં વિવિધ કંપનીઓની હિસ્સેદારોની સ્થિતિએ :**

| કંપની | બજારમાં હિસ્સો (%) |
|---|---|
| રિલાયન્સ | 0.02% |
| MTNL | 0.30 |
| Tata | 2.64 |
| Telenor | 3.21 |
| Aircel | 6.27 |
| BSNL | 9.44 |
| રિલાયન્સ Jio | 15.64 |
| Idea | 17.85 |
| Vodafone | 18.82 |
| Bharti Airtel | 25.70 |

આમ, મોબાઈલ ફોન બજારમાં ખાનગી કંપનીઓની હિસ્સેદારી 90.55% છે જ્યારે સરકારી કંપનીઓની હિસ્સેદારી માત્ર 9.45% છે.

⇨ **દેશમાં ટેલિફોનધારકોની સંખ્યા (31/3/18ની સ્થિતિએ)**

| વિગત | વાયરલેસ | વાયરલાઈન | કુલ |
|---|---|---|---|
| કુલ ટેલિફોન ધારકો (લાખ) | 1183.41 | 22.81 | 1206.22 |
| શહેરી ટેલિફોન ધારકો (મિલિયન) | 662.18 | 19.43 | 681.61 |
| ગ્રામિણ ટેલિફોનધારકો (મિલિયન) | 521.23 | 3.38 | 524.61 |
| કુલ ટેલિફોન ગીચતા | 91.09 | 1.76 | 92.84 |
| શહેરી ટેલિફોન ગીચતા | 161.17 | 4.73 | 165.90 |
| ગ્રામિણ ટેલિફોન ગીચતા | 58.67 | 0.38 | 59.05 |
| બ્રોડબેન્ડ (મિલિયન) | 394.65 | 17.95 | 412.60 |

- આ ઉપરાંત માર્ચ - 2018માં 19.67 લાખ લોકોએ મોબાઈલ નંબર પોર્ટેબિલિટી માટે અરજી કરેલ છે.
- ભારતમાં ઈન્ટરનેટ ઉપભોક્તાઓની સંખ્યામાં રિલાયન્સ જીયોના આગમનથી વધારો થઈ રહ્યો છે. સમગ્ર વિશ્વ પર નજર કરીએ તો સૌથી વધારે ઈન્ટરનેટ વાપરનારા દેશોમાં ક્રમાનુસાર ચીન, ભારત, અમેરિકા, બ્રાઝિલ અને જાપાનનો નંબર આવે છે.
- રિલાયન્સ જીયોએ તો બજારમાં ધૂમ મચાવી છે. દેશમાં મોબાઈલ ક્ષેત્રે ક્રાંતિ લાવવામાં રિલાયન્સ જીયોનો અમૂલ્ય ફાળો છે. આધારકાર્ડ નંબરથી ગણતરીની મિનિટોમાં જ જીયો કનેક્શન ચાલુ થઈ જાય છે. વળી, તે કોઈ પણ નેટવર્ક પર વોઈસ કોલની મફત સુવિધા આપે છે. ઈન્ટરનેટ માટે વિશ્વમાં સૌથી સસ્તાદરની સુવિધા આપે છે.
- આમ, આવનારા વર્ષોમાં 2020 સુધીમાં દેશની GDPમાં મોબાઈલ ઉદ્યોગનો હિસ્સો 8% થવાની સંભાવના છે.

### 10.2.7 ઊર્જા / વિજળી સેવા (Power)

ઊર્જા એ સેવાક્ષેત્રની એક મહત્ત્વની સેવા છે. આધુનિક સમયમાં ઊર્જા એ પ્રત્યેક ઉત્પાદકીય અને આર્થિક પ્રવૃત્તિનું અનિવાર્ય અંગ છે. બીજા શબ્દોમાં કહીએ તો બધી જ આર્થિક પ્રવૃત્તિઓનું તે ચાલકબળ છે. તો અતિશયોક્તિ નહી લાગે. ભારત ઊર્જાનું ઉત્પાદન અને વપરાશ કરતો મહત્ત્વનો દેશ છે. આર્થિક વિકાસના મહત્ત્વના નિર્દેશક તરીકે પણ માથાદીઠ ઊર્જાની વપરાશની ગણતરી થાય છે. જો કે ભારત હજુ ઊર્જા વિકાસની દિશામાં ઘણું કાર્ય કરવાનું બાકી છે.

ઊર્જાના સ્ત્રોતોની વાત કરીએ તો સૌરઊર્જા, પવન ઊર્જા, સમુદ્રી ભરતી - ઓટમાંથી પેદા થતી ઊર્જા, તેમજ કોલસો અને ન્યુક્લિઅર ઊર્જા મુખ્ય છે. આપણા દેશમાં વિજળીના મુખ્ય સ્ત્રોતો થર્મલપાવર, હાઈડ્રોપાવર અને ન્યુક્લિઅર પૈકી મોટા ભાગની ઊર્જા થર્મલપાવર આધારિત ઉત્પન્ન થાય છે. આ દેશમાં વરસાદની અનિયમિતતાને કારણે નદીમાં જળસ્તર ઓછું હોવાથી હાઈડ્રોપાવરથી ઊર્જાનું ઉત્પાદન જોઈએ તેટલું થતું નથી. જો કે દરિયા કિનારાવાળા વિસ્તારોમાં પવનચક્કી દ્વારા ઊર્જા મેળવવાના પ્રયાસો થાય છે.

ઔદ્યોગિક વિકાસ માટે ઊર્જાના મુખ્ય સાધન તરીકે પહેલાં કોલસાનો વપરાશ થતો હતો. ત્યાર બાદ ખનીજતેલનો ઉપયોગ વધવા લાગ્યો. પણ સમયાંતરે ખનીજતેલના વધતા ભાવોએ ઊર્જાપ્રાપ્તિ માટે સમસ્યા ઉભી કરી છે.

વળી, ટેકનોલોજીના આ યુગમાં લોકોની આદતો અને જરૂરિયાતોમાં ઝડપથી બદલાવ આવી રહ્યો છે. જેને કારણે વિજળીની માંગમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ઘરો અને ઓફિસોમાં ઈલેક્ટ્રોનીક સાધનોનો બહોળા પ્રમાણમાં વપરાશ થવા લાગ્યો છે. લોકોની લાઈફ સ્ટાઈલ બદલાઈ રહી છે. રેફ્રીજરેટર, ટી.વી., AC, અને અન્ય ઈલેક્ટ્રોનિક સાધનો હવે સામાન્ય બન્યાં છે. જો કે સાપેક્ષ રીતે શહેરો કરતાં ગામડાઓમા તેનો વપરાશ ઓછો છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈ દેશમાં ઊર્જાની કટોકટીને નિવારવા માટે સરકારે તેલ સંશોધનની નવી ટેકનિકોને વિકસાવવા માટે પ્રયત્નો કરવા પડશે વિદ્યુત ઉત્પાદન વધે તેવા પ્રયાસો કરવા પડશે તેમજ ઊર્જાની વપરાશ લોકો નિયંત્રિત રીતે કરે તથા તેનો બગાડ ના થાય તે માટે અસરકારક પગલાં લેવા પડશે. વિશેષમાં લોકો સૌર ઊર્જાનું મૂલ્ય સમજીને સૌર ઊર્જા સંચાલિત સાધનોનો વપરાશ કરતા થાય તે માટેનું વાતાવરણ પણ ઊભું કરવું પડશે.

વર્તમાનમાં ઊર્જાના પ્રણાલિગત સ્ત્રોતો જેવાં કે કોલસો, ન્યુક્લિઅર વગેરે અછત કે તેના પર્યાવરણીય ગેરલાભના લીધે ભારત સહિતના દુનિયાના દેશોએ હવે ઊર્જાના બિનપ્રણાલિગત સ્ત્રોતોનો વધારે ને વધારે ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે અને આવનારા વર્ષોમાં આ સ્ત્રોતો મહત્ત્વનું સ્થાન લેશે તે નક્કી છે. હવે લોકો સોલર એનર્જી અને જૈવિક ઈંધણ તરફ જાગૃત બન્યા છે.

ભારતની કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ ઊર્જાના ઉત્પાદન અને યોગ્ય વિતરણ માટે પ્રયત્નશીલ છે જે માટે વિવિધ પગલામાં લેવાય છે. જે પૈકી કેટલાકનીચે પ્રમાણે છે. વિશ્વબેંકના 2017 ના રિપોર્ટ અનુસાર વિજળીની ઉપલબ્ધતાની યાદીમાં ભારતનો 26 મો ક્રમ હતો. સપ્ટેમ્બર 2017માં ભારત સરકારે શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં 4 કરોડથી વધુ પરિવારોને ડિસેમ્બર 2018 સુધીમાં પ્રાપ્ત થાય તે રીતે 2.5 બિલિયન ડોલરના ખર્ચે વિજળી જોડાણ પૂરુ પાડવાની યોજના શરૂ કરી હતી.

- હિમાચલપ્રદેશ અને જમ્મુ - કાશ્મીરમાં NHPC ના બે અંડર કમિશન હાઈડ્રો પ્રોજેક્ટ 2018માં શરૂ કરવામાં આવશે. વીજમંત્રાલયના જણાવ્યા અનુસાર આ પ્રોજેકટથી 4458.69 મેગાવોટ વિજળીનું ઉત્પાદન થશે.
- ભારતમાં ભરતીઊર્જાની અંદાજીત ક્ષમતા આશરે 8200 મેગાવોટ છે જેમાંથી 7000 મેગાવોટ ખંભાતના અખાતમાં, 1200 મેગાવોટ કચ્છના અખાતમાં અને 100 મેગાવોટ ગંગાના ત્રિકોણ પ્રદેશમાં છે.

- ભારતમાં વિશ્વના સૌથી મોટા સ્ટ્રીટ લાઈટ પ્રતિસ્થાપન કાર્યક્રમ 9 જાન્યુ.2017ના રોજ શરૂઆત કરાઈ હતી. આ કાર્યક્રમની શરૂઆત દિલ્હીથી કરવામાં આવી છે. જેમાં ખરાબ થઈ ચૂકેલી સ્ટ્રીટલાઈટને બદલીને નવી ટેકનીકવાળી સ્ટ્રીટલાઈટો બદલવામાં આવશે તેનાથી ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો થશે.
- ફલાય એશના ઉપયોગ અંગે યોગ્ય નીતિ અપાવનારું મહારાષ્ટ્ર પહેલું રાજ્ય બની ગયું છે. ફલાય અંશે એ વિજળીના ઉત્પાદન દરમિયાન વીજમથકોમાં કોલસા બાળવાથી જે વાયુનીકળે છે તેની આડપેદાશ છે. જે બારીક પાવડર જેવી હોય છે. જેમાં સિલિકા, આર્યન અને એલ્યુમિનાના નાના - નાના કણો હોય છે. જેનાથી વાયુ પ્રદૂષણ ફેલાય છે. તેથી આ ફલાયએશનો ઉપયોગ તેઓએ બાંધકામ ક્ષેત્રની પ્રવૃત્તિઓમાં કરવાની યોજના ઘડી છે.
- ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત છે કે વિશ્વની સૌ પ્રથમ સૌર ઊર્જાથી ચાલતી સહકારી મંડળી ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના ઢુંડી ગામે કાર્યરત છે. આ વિચારને અમલમાં મૂકનાર રમણભાઈ પરમારને શાબાશી આપવી પડે. તેમને તેમના ખેતરમાં સિંચાઈ માટે પ્રતિદિન ફ્યુઅલનો ખર્ચ ઊંચા આવતો હતો. તેથી તેમણે સૌર ઊર્જામાંથી પ્રેરણા લીધી. આજે તે મધ્યગુજરાત વીજકંપની (MGVCન) ને પણ વધારાની સૌર ઊર્જા વેચીને આવક મેળવી રહ્યા છે. અહીં, આવા નવતર અભિગમને સમગ્ર દેશમાં લાગુ કરવાની જરૂર છે.
- લક્ષદ્વીપ દેશનો પહેલા 24 કલાક વીજપુરવઠો પ્રાપ્ત કરનારી કેન્દ્રશાસિત પ્રદેશનું બહુમાન મેળવી લીધું છે.

### 10.2.8 જમીનના સોદાઓ અંગેની સેવાઓ : (Real Estate)

ભારતમાં રીયલ એસ્ટેટ કૃષિક્ષેત્ર પછીનું બીજા ક્રમનું સૌથી મોટું રોજગારી આપતું ક્ષેત્ર છે. આગામી વર્ષોમાં આ ક્ષેત્ર 30% ના દરે વૃધ્ધિ પામવાની ધારણા છે. અહીં અમદાવાદ, પૂના, ચેન્નાઈ, ગોવા, દહેરાદૂન, બેંગ્લોર વગેરે શહેરો NRI માટે પણ સૌથી વધુ અનુકૂળ મિલ્કતના રોકાણ માટેના સ્થળ બની રહ્યાં છે. વિશેષમાં ગ્લોબલ હાઉસ પ્રાઈસ ઈન્ડેક્સમાં ભારતનો ક્રમ 9 મો છે. તો 2020 સુધી ભારતની GDPમાં હાઉસીંગ ક્ષેત્રનું યોગદાન 11% થવાની ધારણા છે.

આજ કાલ વ્યાપારિક તેમજ રહેઠાણ માટે જમીનનો વિકાસ મોટાપાયે થઈ રહ્યો છે. જેમાં સરકારી એજન્સીઓ તેમજ ખાનગી ડેવલપર્સનો ફાળો હોય છે. ફેબ્રુઆરી 2018 માં DLF દ્વારા હરિયાણાના ગુરુગ્રામમાં 11.7 કરોડ એકર જમીનમાં 15 બિલિયન જેટલું રોકાણ કરાયું છે. રાજ્યોની સરકારો સાથે કેન્દ્ર સરકારે આ ક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન આપવા માટે ઘણી પહેલ કરી છે.

વિશેષમાં સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત 100 સ્માર્ટ શહેરોને વિકસાવવાની સરકારની યોજના છે. વળી, 2017-18માં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 14,27,486 મકાનોને મંજૂરી આપવામાં આવી છે. આ બધાને લીધે દેશમાં રીયલ એસ્ટેટની સાથે-સાથે પ્રોજેક્ટ મેનેજમેન્ટ, આર્કિટેક્ચર, એન્જિનિયરીંગ જેવાં ક્ષેત્રોના પણ રોજગારીનું સર્જન થયું છે અને થતું રહેશે.

### 10.2.9 મીડીયા અને મનોરંજન : (Media & Entertainment)

ભારતીય મીડિયા અને એન્ટર ટેઈનમેન્ટ ઉદ્યોગ ખૂબ જ ઝડપથી વિસ્તરી રહ્યો છે. ભારતીય એડવર્ટાઈઝીંગ ઉદ્યોગ એશિયામાં સૌથી ઝડપથી વિકાસ પામી રહ્યો છે અને તે મહત્ત્વનું જાહેરાત બજાર બન્યું છે. 2011 થી 2017ના સમયગાળા દરમિયાન ભારતનો મીડિયા અને મનોરંજન ઉદ્યોગ 18.55% ના CAGR (સંયોજીત વાર્ષિક વૃધ્ધિદર)થી વૃધ્ધિ પામ્યો છે. આ ઉદ્યોગ આશરે 2.5 મીલિયન લોકોને રોજગારી પૂરી પાડે છે. મીડીયા અને મનોરંજનક્ષેત્રે આવતા રેડિયોની વૃધ્ધિ 16.1% ડિજિટલ એડવર્ટાઈઝીંગ 30.8%, T.V. ઉદ્યોગ 14.7% અને પ્રિન્ટ મીડિયા 7.3%ની વૃધ્ધિ સાથે ખૂબ જ ઝડપથી વિસ્તરણ રહ્યા છે. પ્રિન્ટ મીડિયાની વાત કરીએ તો ભારતમાં 2017 સુધીમાં ન્યૂઝ પેપર વાચકોની સંખ્યામાં 38%ની વૃધ્ધિ થઈ છે. પ્રિન્ટ મીડિયાની પ્રગતી દર્શાવે છે.

એક અંદાજ મુજબ 2022 સુધીમાં ભારતીય મીડીયા અને મનોરંજન ઉદ્યોગનો વિકાસ 3.5 ટ્રીલીયન રૂ.3,53,609 કરોડ રૂ.) સુધી પહોંચશે આ અંદાજ જૂન - 2018ના PWC (Price Waterhouse Coopers)ના રીપોર્ટમાં બતાવાયો છે. એજ રીતે ભારતમાં મોબાઈલ ઈન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. PWC રીપોર્ટ પ્રમાણે, OTT વીડીયો (Over the time)ની આવક 2017માં 2,019 કરોડ સુધી પહોંચી ગઈ હતી. આ OTT પ્લેટફોર્મ પૂરૂં પાડવા માટે ઘણીબધી કંપનીઓ બજારમાં છે જેમાં Netflix એમેઝોન પ્રાઈમ વીડીયો, બાલાજી ટેલિફિલ્મ્સ, સ્ટાર ઈન્ડિયાનું હોટસ્ટાર, સોની ટી.વી.નું સોની લાઈવ વગેરે લાઈવ વીડીયોની સેવા પૂરી પાડે છે. વળી, ઈન્ટરનેટ એડવર્ટાઈઝીંગ દ્વારા 2017 માં 6,513 કરોડની કમાણી થઈ હતી. હવે મોબાઈલ ઈન્ટરનેટ એ એડવર્ટાઈઝીંગનું ઝડપી માધ્યમ બન્યું છે.

**10.2.10 ભારતમાં સંશોધન અને વિકાસ (R & D) :**

ભારતમાં સંશોધન અને વિકાસ પાછળના ખર્ચનું સૌથી વધુ પ્રમાણ ફાર્મા ઉદ્યોગ, ઈલેક્ટ્રીકલ મશિનરી, ઓટોમોબાઈલ્સ અને પ્લાસ્ટિક એન્જિનિયરીંગ ક્ષેત્રે જોવા મળે છે. ભારત સરકારે 2020 સુધીમાં ભારતને વૈશ્વિક સંશોધન કેન્દ્ર બનાવવા માટે કેટલાક પગલા લીધાં છે. ખાસ કરીને, ભારતીય આઈ.ટી. ક્ષેત્રમાં આર એન્ડ ડીના વિકાસ સંદર્ભે નોંધપાત્ર વૃધ્ધિ થઈ છે.

ભારતનું R & D પાછળનું જાહેરખર્ચ GDP ના 0.7%ની આસપાસ સ્થિર જોવા મળે છે. જે અન્ય દેશો ચીન, યુ.એસ., ઈઝરાયેલ કરતાં પણ ઓછું છે. એટલે 2017-18ના આર્થિક સર્વેક્ષણ રીપોર્ટમાં R & D ક્ષેત્રે બમણો ખર્ચ કરવાની ભલામણ કરાઈ છે. અહિં મોટાભાગના વિકસીત દેશોમાં સંશોધન અને વિકાસક્ષેત્રે ખાનગી રોકાણો દ્વારા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવે છે. જ્યારે ભારતમાં R & D ક્ષેત્રે ફંડ મેળવવાનું એકમાત્ર પ્રાથમિક સ્ત્રોત સરકાર જ છે. આ સર્વે પ્રમાણે 2015-16 માં Ph.d કરતા વિદ્યાર્થીઓની સંખ્યા 1.26 લાખ જેટલી હતી.

વિશેષમાં ભારતમાં સંશોધનને વેગ આપવા માટે સ્ટેન્ડ અપ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા જેવી યોજનાઓ શરૂ કરવામાં આવી છે. જોકે આ અંગે બાળકોને શાળા અને કોલેજ કક્ષાએથી જ સંશોધન માટેનું યોગ્ય વાતાવરણ મળે તે ખૂબ જરૂરી છે.

**6.2.11 કાનૂની સેવા : (ъegal Services)**

ભારતમાં કાનૂની સેવાઓ પૂરી પાડનારાઓમાં ખાનગી વકીલો - ધારાશાસ્ત્રીઓ તથા નાની પેઢીઓ કે કૌટુંબિક પેઢીઓનો સમાવેશ થાય છે. વિવિધ દસ્તાવેજો તૈયાર કરવા, તેની નોંધણી કરવી, પેટન્ટ નોંધણી, કરારો તૈયાર કરવા અથવા કોઈ કાનૂની કેસને લગતા સલાહ સૂચન કાનૂની સેવા અંતર્ગત આવે છે. ભારતમાં કાનૂની શિક્ષણ આપતી ઘણી બધી સંસ્થાઓ આવેલી છે. કાનૂન સેવાને લગતા નિયમો બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયા (BCI) દ્વારા નક્કી કરવામાં આવે છે. અહી નોંધવું જોઈએ કે ભારતના ન્યાયતંત્ર અને કાયદાતંત્રમાં સુધારા લાવવાની જરૂર છે. કેમ કે ઘણા કેસો પેન્ડીંગ પડેલા છે. તેનો ઝડપી નિકાલ આવતો નથી. જેથી કાનૂની સેવાની કાર્યક્ષમતા સામે પ્રશ્ન થાય છે. અહીં ગંભીર બેદરકારીના ગુના માટે ફાસ્ટ ટ્રેક કોર્ટ અંતર્ગત કેસોની પતાવટ કરવામાં આવે તો જૂના વર્ષોથી ચાલતા આવતા કેસોની પતાવટ થાય.

વિશેષમાં ભારતમાં માનવ અધિકાર - બાળ મજૂરી, માનવ તસ્કરી, દલિત અત્યાચાર, કાર્યના સ્થળે જાતીય સતામણી, કરવેરાને લગતા કાયદા, બૌધ્ધિક સંપદા - કોપીરાઈટ, ટ્રેડમાર્ક, પેટન્ટ, કૌટુંબિક કાયદા - લગ્ન, છૂટાછેડા, દહેજ, વગેરે અંગે કાયદા અમલમાં છે જે સંદર્ભે કાનૂની સેવા ઉદ્ભવે છે.

બીજી બાજુ  કન્સલટન્સી સેવા (Consultancy) એ જ્ઞાન આધારિત વ્યવસાય છે. આપણા દેશમાં ખાનગી કન્સલટન્ટ, કન્સલટીંગ પેઢીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વ્યાવસાયિક સંસ્થાઓ વગેરે દ્વારા લોકોને સલાહ - માર્ગદર્શન આપવામાં આવે છે. ભારતમાં કન્સલટન્સી સેવાઓનું માર્કેટ ઝડપથી વિકસી રહ્યું છે. વિદ્યાર્થીઓને તેમના ભણતર - કોર્સ અંગે માર્ગદર્શન તેમજ વિદેશમાં ભણતર અને નોકરી કે આરોગ્યને લગતા સલાહસૂચન આપવામાં આવે છે.

**10.3 ભારતમાં સેવાક્ષેત્ર અંગે સરકારની નીતિ :**

સરકાર દ્વારા ઝડપી વિકાસ પ્રાપ્ત કરવાના આશયથી સમયાંતરે સેવા ક્ષેત્રના વિકાસ માટેની પહેલ કરવામાં આવે છે. દેશમાં જો પાયાની સુવિધાઓ અને આંતર માળખાના યોગ્ય રીતે વિકાસ થયો હશે તો આર્થિક વિકાસમાં તેજી આવશે. એટલે સરકાર દ્વારા સુવિકસિત આંતર-માળખાના વિકાસ માટે સેવાક્ષેત્ર અંતર્ગત આવતી વિવિધ સેવાઓના વિકાસ માટે નવી-નવી યોજનાઓ હાથ ધરવામાં આવે છે, નીતિયો ઘડવામાં આવે છે.

**શિક્ષણ :**

- ગુણાત્મક શિક્ષણ પર ભાર મૂકવો.
- શિક્ષણનો વ્યાપક પ્રસાર કરવો.
- ઓપન-ડિસ્ટન્સ લર્નિંગનો વ્યાપ વધારવો.
- R & D પર વિશેષ ભાર મૂકવો.
- શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવું.
- ગ્રામિણ સાક્ષરતામાં વધારો કરવો.
- કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવો.
- શાળાની પરીક્ષા પધ્ધતિમાં સુધારા લાવવા.
- વ્યવસાયિક શિક્ષણને મજબૂત બનાવવું અને યોગ્ય સપોર્ટ સિસ્ટમ ઊભી કરવી.
- ઉચ્ચશિક્ષણમાં આંતર રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે જોડાણ કરવા.
- સંસ્થાઓના રેન્કિંગમાં સુધારો થાય તે માટે પગલાં લેવા.
- મેડીકલ ક્ષેત્રે લેવાતી પરીક્ષાઓ અને નોકરીમાં ગુણવત્તા પર ધ્યાન આપવું.
- સમયાંતરે અભ્યાસક્રમમાં સુધારા કરવા.
- ભારતીય સંસ્કૃતિ તથા સ્થાનિક અને પરંપરાગત જ્ઞાનનો શાળાશિક્ષણમાં સમાવેશ કરવો.
- ભારતીય ભાષાઓના વિકાસ માટે અને સંસ્કૃતના વિશેષ મહત્ત્વને ધ્યાનમાં રાખીને શાળા અને યુનિવર્સિટી કક્ષાએ સંસ્કૃત શીખવવા માટેની સુવિધા ઉભી કરવી.

**ટેલિકોમ :**

- 2022 સુધીમાં ટેલિકોમ સેક્ટરમાં 100 અબજ ડોલરના રોકાણને આકર્ષવાની સરકારની યોજના છે. જેમાં બે ટેલિકોમ ઓપરેટર ભારતી એરટેલ અને રિલાયન્સ જીયો આ વર્ષે 74,000 કરોડનું રોકાણ કરવા પ્રતિબધ્ધ છે.
- નેશનલ ડિજિટલ કોમ્યુનિકેશન પોલિસી 2018ના તૈયાર કરાયેલા ડ્રાફ્ટમાં 2022 સુધીમાં 40 લાખ રોજગારીનું સર્જન કરવાનો લક્ષ્યાંક છે.
- બ્રોડબેન્ડની ન્યૂનતમ ગતિ 256 kg બાઈટ્સ kbps કરવામાં આવશે.
- DTH સેવા આપતી કંપનીઓ પણ ઈન્ટરનેટ સેવા આપવા માટેનું લાઈસન્સ મેળવી શકશે.
- મોબાઈલ ધારકોની ગોપનીયતા અને સ્વાયત્તતાનું રક્ષણ કરવું.

**આરોગ્ય :**

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા 15/3/17ના રોજ મળેલી બેઠકમાં કેન્દ્રીય કેબિનેટે નેશનલ હેલ્થ પોલિસી - 2017 ને મંજૂરી આપી છે. આ નીતિનો હેતુ સાર્વત્રિક સ્વાસ્થ્યની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓને સસ્તા ભાવે આપવાનો છે.
- જીવનની અપેક્ષિતતાનો દર 2025 સુધીમાં 67.5 થી વધારીને 70 કરવો.

- 2019 સુધીમાં શિશુ મૃત્યુદર ઘટાડીને 28 કરવો.
- કુલ પ્રજનનદરમાં ઘટાડો કરવો.
- માતૃત્વ મૃત્યુદરમાં ઘટાડો કરવો.
- હોસ્પિટલને લગતા સાધન સામગ્રી પર કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવી.
- મેડીકલના સાધનો, ડ્રગ્સ - દવાઓ ઉપર એક્સાઈઝ ડ્યુટીનો દરનીચો રાખવો.
- હોસ્પિટલમાં સંશોધન કેન્દ્રોને સેલ્સ ટેક્સ અને ઓકટ્રોયમાંથી નાબૂદી આપવી.
- 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ 2020 સુધીમાં લોકોને સ્વચ્છ પાણી પૂરું પાડવું.
- કેન્સર, ડાયાબીટીસ જેવાં રોગો દ્વારા અકાળે થતાં મૃત્યુદરમાં ઘટાડો કરવો.
- દેશમાં 5 લાખ હેલ્થ સબ સેન્ટરોનો વિકાસ કરવો.
- મોબાઈલ મેડીકલ સુવિધાનો વ્યાપ વધારવો.
- દેશમાં ટી.બી.ના દર્દીઓની સંખ્યામાં ઘટાડો કરવો.

**ટુરીઝમ :**

ટુરીઝમને પ્રમોટ કરવા માટે 162 દેશોના નાગરિકો માટે E - Visaની શરૂઆત કરી છે. જે અંતર્ગત જાન્યુઆરીથી સપ્ટેમ્બર 2017 સુધી 12.43 લાખ પ્રવાસીઓએ E - Visa દ્વારા ભારતની મુલાકાત લીધેલ છે. વળી, પર્યટનક્ષેત્રને વેગ આપવા માટે અને પ્રવાસીઓને આકર્ષવા માટે સ્વચ્છતા એક્શન પ્લાન હેઠળ 'સ્વચ્છ પર્યટન મોબાઈલ એપ'ની શરૂઆત કરવામાં આવી છે. E - Visa ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે.

1) E - Business visa

2) E - Tourist visa

3) E - Medical visa

E - Visa માટેની એપ્લિકેશનની મર્યાદા 30 દિવસથી વધારીને 120 દિવસ કરવામાં આવી છે. વળી, પર્યટનપર્વ અંતર્ગત 5 - 25 ઓક્ટોબર દરમિયાન જે ઉજવણી કરવામાં આવે છે તેમાં કેટલીક બાબતો પર ભાર મૂકાયો છે. જેમાં - 'દેખો અપના દેશ દેખો' - અંતર્ગત ભારતીય નાગરિકોને પોતાના જ દેશનો પ્રવાસ કરવા માટે હાકલ કરવામાં આવી છે. એ જ રીતે ટુરીઝમને લગતી વિવિધ ઈવેન્ટનું આયોજન તેમજ જુદી - જુદી થીમ આધારિત વર્કશોપનું આયોજન પણ કરવાની જોગવાઈ છે.

વિશ્વ પ્રવાસન દિવસ નિમિત્તે 27/9/17ના રોજ હેરીટેજ સ્કીમ હેઠળ ખાનગી ક્ષેત્રો અને જાહેરક્ષેત્રની કંપનીઓને દેશની હેરિટેજ સાઈટ્સ - ઐતિહાસિક સ્મારકોને દત્તક લઈને તેના દેખરેખની જવાબદારી અને જાળવણીનું કામ સોંપવામાં આવ્યું છે. આ અંતર્ગત 07 કંપનીઓની સ્મારકોની દેખરેખ અને જાળવણી માટે પસંદગી કરવામાં આવી છે.

**કાનૂની સેવા :**

દેશમાં કાનૂની સેવામાં FDI ને મંજૂરી આપવામાં આવી નથી.તેમજ વિદેશી કાનૂની પેઢીઓ ભારતમાં પોતાની ઓફિસ ખોલી શકશે નહી કે પ્રચાર કરી શકશે નહીં. એજ પ્રમાણે વિદેશી કાનૂની સલાહકારોની નિમણૂંક પણ થઈ શકશે નહી તેમજ તેઓ કોઈ કાયદાકીય દસ્તાવેજ પર સહી કરી શકશે નહી. અહીં નોંધવું જોઈએ કે ભારતની બાર કાઉન્સીલને કોઈ વિદેશી ધારાશાસ્ત્રી કે કોઈ વિદેશી કાનૂની પેઢીના ભારતમાં પ્રવેશ અંગે સખત વિરોધ છે.

**સંશોધન અને વિકાસ :** (R & D)

- દેશમાં હેલ્થકેર, ઈલેક્ટ્રોનિક્સ અને બાયોટેકના સંરક્ષણ વગેરે ક્ષેત્રોમાં R & D પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

- દેશમાં ડિઝાઈન, એન્જિનિયરીંગ અને કન્સલ્ટીંગ પાર્કની સ્થાપના પર ભાર મૂક્યો છે.
- આ માટે કન્સલટન્સી સંસ્થાઓને આંતરરાષ્ટ્રિય માપદંડો પ્રમાણે માન્યતા આપવા પર ભાર મૂક્યો છે.
- સંશોધન ક્ષેત્રે કામ કરતા વૈજ્ઞાનિકોને કામ અને ગતિશિલતા સંદર્ભે વધુ છૂટછાટો અપાઈ છે.?
- સ્વદેશ ટેકનોલોજીના નિર્માણને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવે છે.
- ટેકનોલોજીને સરળતાથી દેશમાં અને દેશ બહાર વિસ્તાર માટે ભાર મૂકાયો છે.
- વૈજ્ઞાનિક સંશોધન સંદર્ભે વિવિધ દેશો સાથે સહકારના કરાર કરાય છે.
- RFD માં વિદેશી મૂડી રોકાણ આવકાર્ય મનાયું છે.

**મીડીયા અને મનોરંજન :**

ભારતીય ફિલ્મ ઉદ્યોગ સીડી, ડીવીડી, મોબાઈલ ડાઉનલોડ્સ અને ઓનલાઈન ગેમિંગ દ્વારા વધારાની આવક મેળવી રહ્યું છે. પરંતુ ફિલ્મ ઉદ્યોગોની વૃધ્ધિ મનોરંજન કરના ઊંચા દર અને રાજ્યોમાં ટેક્સ માળખામાં ભિન્નતાને લીધે અવરોધાય છે. તેથી માલ અને સેવા કર અપનાવવા (જીએસટી), સર્વિસ ટેક્સ તેમજ મનોરંજન કરને ઓછો કરવા હિમાયત કરાય છે. જેથી ભારતીય ફિલ્મ અને મીડીયાક્ષેત્રના વિકાસને વેગ મળે.

**કેટલીક સામાજીક સેવાઓ : રમત - સાંસ્કૃતિક સેવા :**

કેટલીક સામાજીક સેવાઓ જેવી કે રમતો, સાંસ્કૃતિક સેવાઓ, વગેરે દેશના સામાજીક આર્થિક વિકાસમાં યોગદાન આપે છે. રમતો દ્વારા શારિરીક તંદુરસ્તી એને માનવીય વ્યક્તિત્ત્વનો વિકાસ થાય છે. વળી, રમતો રાષ્ટ્રિય ઓળખ, કોમ્યૂનીટી બોન્ડીંગ, ઈમેજ બિલ્ડીંગ તેમજ આંતરરાષ્ટ્રિય સંબંધમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી બદલાતી પરિસ્થિતિ સાથે તાલમેલ સાંધવા ભારત સરકારે રમતોને સાધન સામગ્રીના સપોર્ટ સાથે તેમજ આંતર રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં તાલીમ અને એક્સપોઝર પૂરું પાડવા પહેલ કરી છે. વળી, શહેરી અને ગ્રામિણ ક્ષેત્રે ડ્રગ મુક્ત સ્પોર્ટસ તથા સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિવિધ યોજનાઓ શરૂ કરી છે. વિશેષમાં શ્રેષ્ઠ રમતવીરોને પ્રોત્સાહન આપવા, અપંગ રમતવીરોને પ્રોત્સાહન આપવા તેમજ રમતગમત સંસ્થાઓને યોગદાન માટે સરકારે ભંડોળની વ્યવસ્થા કરી છે.

આજ રીતે સાંસ્કૃતિક સેવાઓ પણ એક મહત્ત્વનું ક્ષેત્ર છે. ભારતમાં લેખકો, પ્રકાશકો, ગ્રંથકારો, સંગીતકારો, ગાયકો, શિલ્પીઓ, નૃત્યકારો, ફોટોગ્રાફરો, કલાકારો વગેરે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં જોડાઈને રોજગારી મેળવી રહ્યાં છે. ઉપરાંત પરંપરાગત મેળાઓ, ઐતિહાસિક સ્મારકો, સંગ્રહાલયો વગેરે સાંસ્કૃતિક પ્રવાસનને વેગ આપવાની સાથે રોજગારીની તકો પેદા કરે છે.

- આ સંદર્ભે સંસ્કૃતિ અને કલાના પ્રોગ્રામો સંદર્ભે નાણાકીય સહાય અપાય છે.
- સાંસ્કૃતિક વારસાને જાળવવા-દસ્તાવેજીકરણ અંતર્ગત સહાય અપાય છે.
- આંતરાષ્ટીકક્ષાના સાંસ્કૃતિ પ્રોગ્રામ કરવા તથા ભાગ લેવા માટે ભાગ લેનારને અનુદાનની જોગવાઈ કરાઈ છે.
- આ લેખો-કલાકારોને વિવિધ એવોર્ડથી સન્માન કરવાની જોગવાઈ છે.

**રેલ્વે :**

- ટ્રેનમાં IRCTC વેબસાઈટ દ્વારા ઓનલાઈન ટિકિટ બુક કરાવવા પર કોઈ સર્વિસ ચાર્જ લેવામાં નહિ આવે.
- 2020 સુધીમાં માનવરહિત રેલ્વે ક્રોસિંગના સ્થાને માનવ દેખરેખ ધરાવતા રેલ્વે ક્રોસિંગ બનાવાશે.
- મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને 'રક્ષા કોચ' વિકસાવવામાં આવશે.

- 2018 સુધીમાં 3500 કિ.મી. સુધીની રેલ્વે લાઈનના વિસ્તરણનું આયોજન છે.
- દિવ્યાંગ વ્યક્તિઓ માટે સ્ટેશનો પર સુવિધા ઉભી કરવામાં આવશે.
- 2019 સુધીમાં રેલ્વેના દરેક ડબ્બામાં બાયોટોયલેટની સુવિધા કરવામાં આવશે.
- IRCTC (ઈન્ડીયન રેલ્વે કેટરીંગ એન્ડ ટુરીઝમ કોર્પોરેશન) તેમજ IRFC (ઈન્ડીયન રેલ્વે ફાયનાન્સ કોર્પોરેશનને શેરબજારમાં લિસ્ટીગ કરવામાં આવશે. આ દ્વારા રેલ્વેના ખાનગીકરણની દિશામાં આગળ વધશે.
- નવી મેટ્રો રેલ્વેનીતિ જાહેર કરવામાં આવશે.

## 10.4 સારાંશ :

ઉપરોક્ત ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે ભારત જેવાં ઝડપથી વિકાસ પામતા અર્થતંત્ર માટે સેવાક્ષેત્રની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. વળી, આર્થિક સુધારા બાદ નીતિઓ ઉદાર બનાવવામાં આવી છે જેને લીધે બેંકિંગ, વીમા, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર વગેરે જેવાં ક્ષેત્રોમાં ખાનગી જેને લીધે મૂડીરોકાણને મંજૂરી આપવામાં આવી છે. જેથી સેવાક્ષેત્રના વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. જેને લીધે તાજેતરના વર્ષોમાં ભારતીય સેવાક્ષેત્રે વિદેશી મૂડીરોકાણના પ્રવાહમાં વધારો થયો છે, સેવાક્ષેત્ર અંતર્ગત આવતી વિવિધ સેવાઓમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. તથા નવી ટેકનોલોજી તરફ લોકોનો ઝૂકાવ રહ્યો છે. ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત દેશમાં ઓનલાઈન ટ્રાન્ઝેક્શનનું પ્રમાણ વધ્યું છે. તથા લોકો મોબાઈલ બેંકિંગનો ઉપયોગ કરતા થયા છે. વળી, મેક ઈન ઈન્ડિયા અને સ્ટાર્ટ અપ ઈન્ડિયા જેવી યોજનાઓ દ્વારા ઘર આંગણે ઉત્પાદનક્ષેત્રને પ્રોત્સાહન આપવાની તેમજ નવ યુવાનોમાં સ્કીલ ડેવલપમેન્ટનું આયોજન છે. આનાથી ઉદ્યોગ સાહસિક્તાને વેગ મળશે. વિશેષમાં ઉપરાંત ભારતના બંદરોને વિશ્વ કક્ષાના આધુનિક બંદરોની હરોળમાં મૂકવા માટે સરકાર પ્રયત્નશીલ છે. એ જ રીતે હવે તમામ ગામોનું વિદ્યુતીકરણ થઈ રહ્યું છે. જેને કારણે રેડિયો, ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ સેવાની ઉપલબ્ધતામાં નોંધપાત્ર સુધારા આવ્યા છે. આ જ રીતે સ્વચ્છ ભારત મિશન હવે સાચા અર્થમાં જન આંદોલન બની રહ્યું છે, તેમજ રૂરલ સેનિટેશનનો વ્યાપ પણ વધી રહ્યો છે. આ જ પ્રમાણે આરોગ્યની સુવિધાઓ મહત્ત્વનો સમજી સરકારે વ્યાજબી ભાવે ગુણવત્તાયુક્ત આરોગ્ય સારવાર અને દવાઓ મળી રહે તે માટે દેશભરમાં પ્રધાનમંત્રી જન ઔષધિ યોજનાના અમલ કરી આરોગ્ય સેવાને સર્વ સુલભ બનાવવાની દિશામાં પગલું ભર્યું છે.

## 10.5 ચાવીરૂપ શબ્દો :

MOOC - Massive Open Online Course

SWAYAM - Study Webs of Active - ꟷearning for Young Aspiring Minds

FTA - Foreign Tourist Arrival

વિદેશથી આવતા પ્રવાસીઓની સંખ્યા

FEE - Foreign Exchange Earnings

વિદેશી હૂંડિયામણની કમાણી

NHDP - National Highway Development Programme

## 10.6 કેટલાંક ઉપયોગી પુસ્તકો :

- યોજના - અંક - 10 જાન્યુઆરી - 2018
- યોજના - અંક - 12 માર્ચ - 2018
- યોજના - અંક - 3 જૂન - 2018
- આર્થિક સર્વે - 2016-17
- RBI PubLICations (www.Rbi.org.in)
- CSO Data
- Different govt. websites
- www.finmin.nic.in

## 10.7 તમારી પ્રગતિ ચકાસો. (ક)

1) ભારતમાં આરોગ્ય અને સ્વાસ્થ્ય સેવાની સ્થિતિ અંગે ચર્ચા કરો.
2) ભારતમાં પ્રવાસન અને હોસ્પિટાલીટીના વિકાસ અંગે સમજૂતી આપો.
3) ભારતમાં પરિવહન સેવા અંગે વિસ્તૃત સમજ આપો.
4) 'ભારતની ટેલિકોમ સેવાના વિકાસની પ્રબળ સંભાવનાઓ છે' સમજાવો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1) NTA નું પૂરૂં નામ શું છે?
2) MOOC નું પૂરૂં નામ શું છે?
3) ભારતમાં 2020 સુધીમાં તમામ બાળકોના રસીકરણનો લક્ષ્યાંક ક્યા કાર્યક્રમ હેઠળ રાખવામાં આવ્યો છે?
4) ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નોટબંધી ક્યારે કરવામાં આવી? કઈ નોટો ચલણમાંથી નાબૂદ કરવામાં આવી?
5) BHIM એપ્લિકેશનનું પૂરૂં નામ જણાવો.
6) ભારતમાં પ્રવાસનક્ષેત્રના વિકાસ માટેની 'અતુલ્ય ભારત કાર્યક્રમના બ્રાન્ડ એમ્બેસેડર કોણ છે?
7) ભારતમાં સૌથી વધુ સડકો ધરાવતું રાજ્ય ક્યું છે?
8) ભારતમાં સૌથી લાંબુ અંતર કાપતી ટ્રેન કઈ છે?
9) ગુજરાતના મહત્ત્વના બંદરો ક્યાં - ક્યાં છે?
10) ભારતમાં ઉડ્ડયનક્ષેત્રે ગોલ્ડન પીકોક એવોર્ડ કયાં એરપોર્ટને આપવામાં આવ્યો છે?

**10.7.1 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો** (ક)

1) જવાબ માટે વાંચો - 6.2.2
2) જવાબ માટે જુઓ - 6.2.4
3) જવાબ માટે વાંચો - 6.2.5
4) જવાબ માટે વાંચો - 6.2.6

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1) NTA - National Testing Agency
2) MOOC - Massive Open Online Course
3) મિશન ઈન્દ્રધનુષ
4) 08 નવેમ્બર,2016, 500 રૂ. અને 1000 રૂ. નોટ
5) BHIM - Bharat Interface for Money
6) અમિતાભ બચ્ચન અને પ્રિયંકા ચોપરા
7) મહારાષ્ટ્ર
8) વિવેક એક્સપ્રેસ - દિબ્રુગઢ આસામથી કન્યાકુમારી
9) કંડલા, પીપાવાવ, જખૌ, ઓખા, પોરબંદર, જાફરાબાદ, હજીરા, વેરાવળ, દહેજ વગેરે.
10) દિલ્હી ઈન્ટરનેશનલ એરપોર્ટ (2016), હૈદરાબાદ એરપોર્ટ (2017)